ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 028
Dt.: 06-10-2025, Monday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

ભૂસ્ખલનથી રસ્તો થયો બ્લોક

પશ્ચિમ બંગાળમાં મેઘતાંડવ, પુલ ધરાશાયી થતાં ૧૪ લોકોનાં મોત

આપત્તિ વ્યવસ્થાપન ટીમોએ બચાવ અને રાહત કામગીરી શરૂ કરી : સતત વરસાદ અને લપસણા રસ્તાઓ બચાવ કાર્યમાં અવરોધ ઉભો કરી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. દાર્જિલિંગ જિલ્લાના મિરિકમાં ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા છે. જિલ્લાના શહેરો અને પર્યટન સ્થળો મિરિક અને કુર્સિઓંગને જોડતો ડુડિયા આયર્ન બ્રિજ પણ તૂટી પડ્યો છે. ભારે વરસાદને કારણે સિલિગુડી-દાર્જિલિંગ રાજ્ય ધોરીમાર્ગ ૧૨ પર વાહનોની અવરજવર ઠપ્પ થઈ ગઈ છે. સ્થાનિક વહીવટીતંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન ટીમોએ બચાવ અને રાહત કામગીરી શરૂ કરી દીધી છે, પરંતુ સતત વરસાદ અને લપસણા રસ્તાઓ બચાવ કાર્યમાં અવરોધ ઉભો કરી રહ્યા છે. વહીવટીતંત્રે લોકોને પહાડી રસ્તાઓ અને નદી કિનારાથી દૂર રહેવા અપીલ કરી છે.

ભારે વરસાદને કારણે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૧૦ પર હુસૈન ખોલામાં ભૂસ્ખલન થયું, જેના કારણે સિલિગુડી અને દાર્જિલિંગ વચ્ચેનો સંપર્ક સંપૂર્ણપણે ખોરવાઈ ગયો. ઘણા રસ્તાઓ પર કાટમાળ જમા થઈ ગયો છે, જેના કારણે ટ્રાફિક સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. વહીવટીતંત્રે વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા માટે કટોકટી સેવાઓની વ્યવસ્થા કરી છે.

પશ્ચિમ બંગાળના વિરોધ પક્ષના નેતા શુભેન્દુ અધિકારીએ ટ્વિટર (અગાઉ ટ્વિટર) પર લખ્યું હતું કે ઉત્તર બંગાળમાં દાર્જિલિંગ, કાલિમપોંગ અને કુર્સિઓંગના પહાડી વિસ્તારો ગંભીર રીતે પ્રભાવિત થયા છે. ભૂસ્ખલન અને પૂરને કારણે સિલિગુડી, તરાઈ અને ડુઅર્સના મેદાનો સાથેના સંદેશાવ્યવહાર અને પરિવહન જોડાણો લગભગ સંપૂર્ણપણે ખોરવાઈ ગયા છે. તેમણે કેન્દ્ર સરકારને તાત્કાલિક રાહત ટીમો મોકલવા અને રસ્તાના પુનર્નિર્માણને પ્રાથમિકતા આપવા અપીલ કરી. પશ્ચિમ બંગાળના રાજગંજ જિલ્લાના પોરાઝારમાં ભારે વરસાદને કારણે પાણી ભરાઈ ગયા છે. ઘણા ઘરો અને ખેતરો ડૂબી ગયા છે. મહાનંદા નદી પરના બંધનો એક ભાગ અચાનક તૂટી ગયો, જેના કારણે ઘણા લોકોને પોતાના ઘર છોડવાની ફરજ પડી.

ભારત હવામાન વિભાગ (IMD) એ દાર્જિલિંગ, કાલિમપોંગ, કૂચ બિહાર, જલપાઈગુડી અને અલીપુરદુઆર માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. IMD અનુસાર, નીચા દબાણવાળા વિસ્તાર (LPA) ને કારણે સોમવાર સવાર સુધીમાં ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળમાં ભારેથી અતિ ભારે વરસાદ પડશે. દાર્જિલિંગ, તેમજ અલીપુરદુઆર અને જલપાઈગુડી જિલ્લામાં નદીઓનું સ્તર ભયજનક સપાટીથી ઉપર વહી રહ્યું છે. ખાસ કરીને તીસ્તા અને માલ નદીઓના પ્રવાહને કારણે માલબજાર અને ડુઅર્સ ક્ષેત્રમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.

મિરિક અને કુર્સિઓંગ જેવા પર્યટન સ્થળો ગંભીર રીતે પ્રભાવિત થયા છે. ગામડાના ઘરો કાટમાળ નીચે દટાઈ ગયા છે, અને રસ્તાઓ કાદવ અને પથ્થરોથી ઢંકાઈ ગયા છે. દાર્જિલિંગ વહીવટીતંત્રે જણાવ્યું છે કે ઘણા ગામડાઓ ખાલી કરાવવામાં આવ્યા છે અને લોકોને કામચલાઉ રાહત શિબિરોમાં ખસેડવામાં આવ્યા છે.

દક્ષિણ બંગાળ અને ઝારખંડ-બિહાર સરહદ પર પણ વરસાદની અસર થઈ છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, પશ્ચિમ ઝારખંડ, દક્ષિણ બિહાર અને દક્ષિણપૂર્વ ઉત્તર પ્રદેશમાં ફેલાયેલા ઓછા દબાણવાળા ક્ષેત્રને કારણે આગામી ૨૪ કલાક સુધી ભારે વરસાદની આગાહી છે. સોમવાર સુધી મુર્શિદાબાદ, બીરભૂમ અને નાદિયા જિલ્લામાં પણ ભારે વરસાદની આગાહી છે. શનિવાર સવાર સુધીના ૨૪ કલાકમાં બાંકુરા જિલ્લામાં સૌથી વધુ ૬૫.૮ મીમી વરસાદ નોંધાયો હતો. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્રે શાળાઓને અસ્થાયી રૂપે બંધ કરી દીધી છે અને નીચાણવાળા વિસ્તારોમાં ચેતવણી જાહેર કરી છે

લેહમાં હાઈવે પર અનેક વાહનો ફસાયા

હિમાચલના પર્યટન માટે જાણીતા શહેરોમાં હિમવર્ષા

રોહતાંગ, બરાલાચા, શિંકુલા અને કુન્ઝુમ મનાલી અને લાહુલ સ્પિટીના ગ્રામીણ વિસ્તારોમાં પણ હિમવર્ષા

(સંપૂર્ણ સમાચાર સેવા)શીમલા

હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાના કારણે પર્યટકો માટે હવામાન ખુશનુમા બન્યુ છે. હિમવર્ષાએ હિમાચલ પ્રદેશના પર્યટન સ્થળોની સુંદરતામાં વધારો કર્યો છે. સીઝનની શરૂઆતમાં જ મનાલી અને લાહુલ બરફની ચાદરથી ઢંકાઈ ગયા છે.

બીજી તરફ, હિમવર્ષાને કારણે લેહ જનારા પ્રવાસીઓની મુશ્કેલીઓ વધી ગઈ છે. રોહતાંગ, બરાલાચા, શિંકુલા અને કુન્ઝુમ મનાલી અને લાહુલ સ્પિટીના ગ્રામીણ વિસ્તારોમાં પણ હિમવર્ષા થઈ રહી છે. કુલ્લુ અને મનાલીમાં વરસાદ કારણે વાતાવરણ ઠંડુ થઈ ગયું છે. હિમવર્ષાના કારણે લેહ-મનાલી હાઈવે પર અનેક વાહન ફસાઈ ગયા હતા. બારાલાચા અને શિંકુલામાં પણ ભારે ટ્રાફિક થયો હતો. હિમવર્ષાના કારણે લેહમાં પરિવહન સેવા ખોરવાઈ છે. મનાલીથી રોહતાંગ થઈ લેહ જતાં માર્ગોમાં બરફની ચાદર પથરાતાં વાહન-વ્યવહાર બંધ છે.

ડિઝલ-પેટ્રોલના ટેકર મઢીમાં રોકવામાં આવ્યા હતાં. અન્ય ટ્રક અટલ ટનલ થઈ લેહ લઈ જવામાં આવ્યા છે. પરંતુ પેટ્રોલ-ડિઝલના ટેકર આ રસ્તાથી મોકલવા જોખમી હોવાથી તેનો સપ્લાય થંભ્યો છે. વધતી હિમવર્ષાના કારણે રોહતાંગ પાસમાં વાહનોની અવરજવર બંધ કરવામાં આવી છે. રોહતાંગ પાસમાં હિમવર્ષા થઈ રહી છે, જેમાં રાહિનાનાલા, મઢી, ગુલાબા, કોકસર, અટલના ઉત્તર અને દક્ષિણ પોર્ટલ અને અંજની મહાદેવમાં પણ ભારે હિમવર્ષાના કારણે અવરજવર બંધ કરવામાં આવી છે.

સીઝનની શરૂઆતમાં જ સારી એવી હિમવર્ષાના કારણે ટુરિઝમ બિઝનેસ વેગવાન બનવાનો આશાવાદ ઉદ્યોગજગતના નિષ્ણાતો દ્વારા વ્યક્ત થઈ રહ્યો છે. મનાલીની ટોચ પર હિમવર્ષા પ્રવાસીઓ માટે સુખદ સમાચાર છે. ઉદ્યોગ નિષ્ણાતોના મતે, બરફની ચાદરથી હિમાચલની સુંદરતામાં ચારચાંદ લાગ્યા છે. પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે. દરવર્ષે ૧૫ ઓક્ટોબર બાદ હિમવર્ષા થતી હોય છે. પરંતુ વર્ષે ઓક્ટોબરની શરૂઆતમાં જ હિમવર્ષા થઈ છે.

મનાલીના ડીએસપી કેડી શર્માએ જણાવ્યું હતું કે, રોહતાંગ પાસ પર હિમવર્ષા ઝડપી બની છે. અત્યારસુધીમાં ચાર ઇંચ બરફ પડ્યો છે. રોહતાંગ પાસ વાહનો માટે બંધ કરવામાં આવ્યો છે. મઢી નજીક કેટલાક ટેકરોને રોકવામાં આવ્યા છે. હવામાનની સ્થિતિને કારણે તમામ ડ્રાઇવરોને સલામત સ્થળોએ રોકવા સલાહ છે. હિમવર્ષામાં મુસાફરી ટાળવા નિર્દેશ છે.

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોટા સમાચાર

CGHSમાં કર્યા મોટા ફેરફારો, ૧૩ ઓક્ટોબરથી થશે લાગુ

નવા દરોના અમલીકરણથી સારવાર ખર્ચ અને ચુકવણી પ્રક્રિયાઓ બંનેમાં સુધારો થવાની અપેક્ષા રહેલી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે આ એક મોટી રાહત છે. મોંઘવારી ભથ્થા (DA)માં વધારા બાદ, કેન્દ્ર સરકારે હવે કેન્દ્ર સરકારની આરોગ્ય યોજના (CGHS) હેઠળ એક મોટો સુધારો કર્યો છે. ૩ ઓક્ટોબરના રોજ, સરકારે આશરે ૨,૦૦૦ તબીબી પ્રક્રિયાઓ માટે સુધારેલા પેકેજ દરોની જાહેરાત કરી હતી. આ નવા દરો ૧૩ ઓક્ટોબર, ૨૦૨૫થી અમલમાં આવશે. આ સુધારાને છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી મોટો સુધારો માનવામાં આવે છે.

નોંધનીય છે કે અત્યાર સુધી, જૂના દરો ફક્ત કર્મચારીઓ માટે જ નહીં પરંતુ હોસ્પિટલો માટે પણ ચુકવણીની સમસ્યાઓ અને અસમાનતાઓનું કારણ બની રહ્યા હતા. નવા દરોના અમલીકરણથી સારવાર ખર્ચ અને ચુકવણી પ્રક્રિયાઓ બંનેમાં સુધારો થવાની અપેક્ષા છે. આનાથી સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને સારી આરોગ્યસંભાળ સેવાઓ મળશે જ, પરંતુ ખાનગી હોસ્પિટલોની ભાગીદારી પણ વધશે, જે એકંદરે આરોગ્યસંભાળ માળખાને મજબૂત બનાવશે.

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો તરફથી એક મોટી ફરિયાદ એ હતી કે CGHS-માન્યતા પ્રાપ્ત હોસ્પિટલો ઘણીવાર રોકડ સિવાય સારવાર પૂરી કરતી નથી. દર્દીઓએ પોતે જ મોટી ચુકવણી કરવી પડતી હતી અને પછી રિફંડ માટે મહિનાઓ રાહ જોવી પડતી હતી. હોસ્પિટલોએ દલીલ કરી હતી કે સરકાર દ્વારા નક્કી કરાયેલા પેકેજ દર જૂના અને ઓછા હતા. વધુમાં, તેમને સમયસર ચુકવણી મળતી ન હતી. આ કારણે, હોસ્પિટલો ઘણીવાર લાભાર્થીઓને રોકડ રહિત સેવાઓ પૂરી પાડવાનું ટાળતી હતી. ઓગસ્ટ ૨૦૨૫માં, GENC (નેશનલ ફેડરેશન ઓફ સેન્ટ્રલ ગવર્નમેન્ટ એમ્પ્લોયીઝ યુનિયન્સ)એ આ મુદ્દા પર સરકારને એક મેમોરેન્ડમ સુપરત કર્યું. તેમાં જણાવાયું હતું કે રોકડ રહિત સેવાઓનો અભાવ કર્મચારીઓ અને પેન્શનરો બંને માટે નાણાકીય મુશ્કેલી ઊભી કરી રહ્યો છે, જેના કારણે તેમને કટોકટીમાં પણ સારવારની સુવિધાનો ઇનકાર કરવામાં આવી રહ્યો છે.

સરકારે હવે લગભગ ૨,૦૦૦ તબીબી પ્રક્રિયાઓ માટે નવા પેકેજ દર નક્કી કર્યા છે. આ દરો શહેર શ્રેણી (ટાયર-૧, ટાયર-૨, ટાયર-૩) અને હોસ્પિટલની ગુણવત્તા (જેમ કે NABH માન્યતા) પર આધારિત છે. ટાયર-૨ શહેરોમાં પેકેજ દરો બેઝ રેટ કરતા ૧૯% ઓછા હશે. ટાયર-૩ શહેરોમાં પેકેજ દર બેઝ રેટ કરતા ૨૦% ઓછા હશે. NABH-માન્યતા પ્રાપ્ત હોસ્પિટલો બેઝ રેટ પર સેવાઓ પૂરી પાડશે. NABH સિવાયની હોસ્પિટલોને ૧૫% ઓછો દર મળશે. ૨૦૦થી વધુ બેડ ધરાવતી સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલોને ૧૫% વધુ દર મળશે.

કર્મચારીઓને કેવી રીતે ફાયદો થશે?

રોકડ સિવાય સારવાર સરળ બનશેઃ હવે પેકેજ દર વાસ્તવિક અને વાજબી હોવાથી, હોસ્પિટલો ઝપ્ઝઁજી કાર્ડધારકોને ખચકાટ વિના કેશલેસ સેવાઓ પ્રદાન કરશે.

ખિસ્સામાંથી ખર્ચ ઓછો થશેઃ કર્મચારીઓ અને પેન્શનરોને હવે મોટી એડવાન્સ ચુકવણી કરવાની જરૂર રહેશે નહીં.

રિફંડની મુશ્કેલીઓ ઓછી થશેઃ પૈસા હવે મહિનાઓ સુધી અટકેલા રહેશે નહીં.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે કરી દીધો ખુલાસો

બિહાર વિધાનસભાની ચૂંટણી ૨૨ નવેમ્બર પહેલા યોજાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં રાજકીય પક્ષો સક્રિય રીતે વ્યસ્ત છે, ત્યારે ચૂંટણી પંચે પણ તેની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું છે કે બિહાર વિધાનસભાની ચૂંટણીઓ ૨૨ નવેમ્બર પહેલા પૂર્ણ થશે, કારણ કે બિહાર વિધાનસભાનો કાર્યકાળ ૨૨ નવેમ્બરે સમાપ્ત થઈ રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે SIR બિહારની જેમ જ દેશભરમાં યોજાશે.

મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે આ ચૂંટણી માટે કમિશન દ્વારા શરૂ કરાયેલી નવી પહેલ ભવિષ્યમાં દેશભરમાં લાગુ કરવામાં આવશે. બિહારમાં કુલ ૨૪૩ વિધાનસભા બેઠકો છે, અને ચૂંટણીઓ સમયસર યોજાશે.

ચૂંટણી પંચની આખી ટીમ બે દિવસથી બિહારમાં સક્રિય છે. આ સમયગાળા દરમિયાન, ટીમે પટનામાં રાજકીય પક્ષો, વહીવટી ચૂંટણી અધિકારીઓ, ઉચ્ચ રાજ્ય વહીવટી અધિકારીઓ, અમલીકરણ એજન્સીઓ, મુખ્ય ચૂંટણી અધિકારી (CEO), વિશેષ પોલીસ નોડલ અધિકારી (SPNO) અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (CAPF) નોડલ અધિકારીઓ સાથે ચૂંટણીની સંપૂર્ણ તૈયારીઓ સુનિશ્ચિત કરવા માટે બેઠકો યોજી હતી.

પત્રકાર પરિષદને સંબોધતા મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું, "આગામી ચૂંટણીઓ માટે ચૂંટણી પંચ દ્વારા શરૂ કરાયેલી નવી પહેલ હવે સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે. બિહારમાં ૨૪૩ વિધાનસભા બેઠકો છે. બિહાર વિધાનસભાનો કાર્યકાળ ૨૨ નવેમ્બરના રોજ સમાપ્ત થઈ રહ્યો છે, અને તે પહેલાં ચૂંટણીઓ યોજાશે."

તેમણે કહ્યું કે BLOs મતદારોને મળે ત્યારે તેમને વધુ સારી રીતે ઓળખી શકે તે માટે ID કાર્ડ રજૂ કરવામાં આવ્યા છે. મતદાન મથકની બહાર મોબાઈલ ફોન જમા કરાવીને મતદાન કરવું હવે ઉપલબ્ધ છે. પહેલાં, મોબાઈલ ફોન ઘરે અથવા અન્યત્ર છોડીને જવો પડતો હતો. ઝઈઝ એ જણાવ્યું હતું કે, બિહાર સિવાય, દેશના કોઈપણ મતદાન મથક પર ૧૨૦૦થી વધુ મતદારો રહેશે નહીં.

કટકમાં ભારેલો અગ્નિઃ દુર્ગા મૂર્તિ વિસર્જનમાં બે જૂથ વચ્ચે હિંસા બાદ ઈન્ટરનેટ બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)કટક,

ઓડિશાના કટકમાં દુર્ગા પૂજા મૂર્તિ વિસર્જન દરમિયાન બે જૂથ વચ્ચે ભારે હિંસા બાદ પરિસ્થિતિ બેકાબૂ બની હતી. બે સમુદાય વચ્ચે ભારે પથ્થરમારો અને આગચંપીની ઘટનાઓ બાદ સમગ્ર જિલ્લામાં ૨૪ કલાક માટે ઈન્ટરનેટ તથા સોશિયલ મીડિયા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. નોંધનીય છે કે શુક્રવાર રાત્રે દુર્ગા મૂર્તિ વિસર્જનની યાત્રા દરમિયાન વિવાદ બાદ સમગ્ર તણાવ પેદા થયો હતો. રાત્રિના દોઢ બે વાગ્યા આસપાસ સ્થાનિકોએ ડીજે વગાડવા મુદ્દે વાંધો ઉઠાવ્યો હતો. જે બાદ વિવાદ વધતો ગયો અને ટોળાંએ ઘરની છત પરથી જ ભીડ પર પથ્થર વરસાવ્યા. કટકના DCP પણ આ પથ્થરમારામાં ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. હિંસાની ઘટનામાં CCTV ફૂટેજના આધારે પોલીસે છ ઉપદ્રવીઓની ધરપકડ કરી છે.

અમેરિકામાં વધુ એક ગુજરાતીની હત્યા

હાઉસ કિપિંગનું કામ કરતાં યુવક પર ગોળીબાર કરાયો

ઘટનાને લઈને સ્થાનિક પોલીસે આરોપીની ધરપકડ કરી છે અને બનાવને લઈને આગળની કાર્યવાહી હાથ ધરી

(સંપૂર્ણ સમાચાર સેવા)પેન્સિલવેનિયા

અમેરિકામાં વધુ એક ગુજરાતીની હત્યા નીપજાવી હોવાની ઘટના સામે આવી છે. જેના સીસીટીવી ફુટેઝ પણ સામે આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે, અમેરિકાના પેન્સિલવેનિયાના પિસ્તબર્ગ ટાઉનમાં હાઉસ કિપિંગનું કામ કરતાં યુવકને ગોળી મારીને મોતને ઘાટ ઉતારી દેવાયો છે. ફાયરિંગની ઘટનાને લઈને સ્થાનિક પોલીસે આરોપીની ધરપકડ કરી છે અને બનાવને લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, મૂળ સુરતના બારડોલી તાલુકાના રાયમ ગામના વતની રાકેશ પટેલ છેલ્લા ઘણાં અમેરિકામાં સ્થાયી થયા હતા અને હાઉસ કિપિંગનું કામ કરતા હતા. આરોપીએ અંગત અદાવતમાં રાકેશ પર ફાયરિંગ કર્યું હોવાની આશંકા છે.

સમગ્ર ઘટના શુક્રવાર (૩ ઓક્ટોબર, ૨૦૨૫)ની સવારની છે. ૨૫ વર્ષીય ચંદ્રશેખરે હૈદરાબાદમાં BDSની ડિગ્રી મેળ્યા બાદ ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકાના ડલાસ ગયો હતો. જ્યાં તે શિક્ષણ મેળવવાની સાથે એક ગેસ સ્ટેશન પર પાર્ટ-ટાઈમ નોકરી પણ કરતો હતો.

મળતી માહિતી મુજબ, ઘટનાની સવારે કેટલાક લૂંટારુઓ ગેસ સ્ટેશનમાં ઘૂસી આવ્યા હતા અને લૂંટફાટના ઈરાદે ગોળીબાર કર્યો હતો. જેમાં ચંદ્રશેખરને છાતીના ભાગે ગોળી વાગી ગઈ હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત ચંદ્રશેખરને સારવાર અર્થે હોસ્પિટલ જતાં દરમિયાન મોત નીપજ્યું હતું. સમગ્ર ઘટનાને લઈને ડલાસ પોલીસે એક શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરી હોવાનું સામે આવ્યું છે.

તંત્રી લેખ.....

ભારત સામેના દરેક યુદ્ધમાં પાક. હાર્યું છે

આ વર્ષના એપ્રિલમાં, પાકિસ્તાની આતંકવાદીઓએ પહેલગામમાં ૨૬ બિન-મુસ્લિમોની તેમના ધર્મ પર સવાલ ઉઠાવીને ક્રૂરતાથી હત્યા કરી હતી. આ ઘટનાથી આખો દેશ શોક અને આક્રોશમાં ડૂબી ગયો હતો, જ્યારે મોટાભાગના પાકિસ્તાનીઓ આ બર્બર કૃત્યની પ્રશંસા કરવામાં વ્યસ્ત હતા. વાસ્તવમાં, મોટાભાગના પાકિસ્તાનીઓ હિન્દુઓ પ્રત્યે હતાશા અને નફરતથી ભરેલા છે. તેમનું અસ્તિત્વ નફરત પર આધારિત હોવાથી, તેઓ આ લાગણીને દૂર કરી શકતા નથી. તેમની અભદ્ર ભાષા પણ તેમની નિરક્ષરતા અને હતાશાને પ્રતિબિંબિત કરે છે. શિક્ષિત ટેલિવિઝન એંકર્સ, લશ્કરી સેનાપતિઓ અને ક્રિકેટરો પણ આ જ નફરતભરી આગનો ભોગ બની રહ્યા છે. આ બેશરમ વર્તનનું તાજું ઉદાહરણ તાજેતરમાં જોવા મળ્યું જ્યારે ભૂતપૂર્વ પાકિસ્તાની કેપ્ટન મોહમ્મદ યુસુફે એક ટીવી કાર્યક્રમમાં ભારતીય ૨૦ કેપ્ટન સૂર્ય કુમાર યાદવ સામે અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો. એકર કે અન્ય સહભાગીઓને અટકાવવાને બદલે, તેઓ બેશરમીથી હસ્યા. આ પાકિસ્તાનના પાત્રને પ્રતિબિંબિત કરે છે: એક સંપૂર્ણપણે અમાનવીય દેશ, જેની ઉર્જા ફક્ત ભારતીયો સામે ઝેર ઓકવામાં જ ખર્ચાય છે.

એશિયા કપમાં ભારત હાથે ત્રણ હારનો સામનો કરનાર પાકિસ્તાનનો ભૂતકાળ કલંકિત છે. સમાજનો આ વર્ગ ભારતના ભાગલા પછી પાકિસ્તાનની રચનાથી પણ સંતુષ્ટ ન હતો, જેના કારણે તેણે પોતાની અલગ ઓળખને મુદ્દો બનાવી દીધી. તેની સ્થાપનાથી જ, પાકિસ્તાન પોતાની પ્રગતિ કરતાં ભારતને નુકસાન પહોંચાડવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. તે ભારત સામે બદલો લેવા માટે એટલો ગ્રસ્ત છે કે તે પોતાના લોકોને પણ ક્રૂરતાથી દબાવવામાં અચકાતો નથી. આનું ઉદાહરણ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં દેખાય છે, જ્યાં લોકો બળવો કરવાની આરે છે. ભારતે પાકિસ્તાનમાં બગડતી પરિસ્થિતિ પ્રત્યે સતર્ક રહેવું જોઈએ. પાકિસ્તાન ભારત સામે ગમે તેટલું ઝેર ઓકતું હોય, પણ ભારત સામે લડેલા તમામ યુદ્ધોમાં તેને શરમજનક હારનો સામનો કરવો પડ્યો છે. ૧૯૬૫નું યુદ્ધ હાર્યા પછી, તેણે હાજી પીર પાસ પરત કરવાની વિનંતી કરી. ત્યારબાદ, ૧૯૭૧માં, ૯૩,૦૦૦ પાકિસ્તાની સૈનિકોએ ઢાકામાં ભારતીય સેના સમક્ષ આત્મસમર્પણ કર્યું. બીજા વિશ્વયુદ્ધ પછી આ કોઈપણ સૈન્યનું સૌથી મોટું અને સૌથી અપમાનજનક શરણાગતિ હતું. શિમલામાં વાટાઘાટોના ટેબલ પર, ભુટ્ટોએ આ સૈનિકો અને કેટલાક અન્ય વિસ્તારોમાં પાછા ફરવાની વિનંતી કરી. ૧૯૯૯ના કારગિલ સંઘર્ષ દરમિયાન ભારતીય સૈનિકોએ ઘૂસણખોરીની તેની યોજનાઓને નિષ્ફળ બનાવી દીધી. પાકિસ્તાનની અમાનવીયતાનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે તેણે તે સંઘર્ષમાં માર્યા ગયેલા તેના સૈનિકોના મૃતદેહ સ્વીકારવાનો પણ ઇનકાર કર્યો. ૨૦૨૫ની વાર્તા પણ અલગ નહોતી, જ્યારે પહેલગામ હુમલા પછી, પીએમ મોદીએ નક્કી કર્યું કે બહુ થયું અને પાકિસ્તાને તેના કાર્યોની કિંમત ચૂકવવી પડશે. ઓપરેશન સિંદૂર હેઠળ, ભારતે પાકિસ્તાનમાં લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. ત્યારબાદ ભારતીય વાયુસેનાએ નૂરખાન વાયુસેના સહિત અનેક પાકિસ્તાની વાયુસેના અને હવાઈ પટ્ટીઓનો નાશ કર્યો. પાકિસ્તાનની સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે તેણે યુદ્ધવિરામની અપીલ કરી. એ વાત અલગ છે કે તેની ધમકીઓ અને દંભ આજે પણ ચાલુ છે.

VGRC ભારતીય ઉદ્યોગોમાં ક્રાંતિ લાવનાર શ્રી કરસનભાઈ પટેલની સાફલ્યગાથાને ઉજાગર કરશે

એક નાનકડા વિચારથી ઔદ્યોગિક સામ્રાજ્ય સુધી: ઉત્તર ગુજરાતમાં યોજાનારી VGRC ૨જૂ કરશે વિકાસની બ્લૂપ્રિન્ટ, જે નિરમા ગ્રુપના સ્થાપક થકી પ્રેરિત

VGRC ઉત્તર ગુજરાત: નિરમા ગ્રુપના સ્થાપક શ્રી કરસનભાઈ પટેલની શૂન્યમાંથી અબજોનું સામ્રાજ્ય ઊભું કરવાની ગાથા આગામી પેઢીના ઉદ્યોગસાહસિકોને પ્રેરણા આપશે

ઉત્તર ગુજરાતના વિજ્ઞાન વિષયમાં સ્નાતક થયેલા શ્રી કરસનભાઈ પટેલે પોતાના ઘરઆંગણેથી વૈશ્વિક વ્યાપારના દિગ્ગજોને પડકારવાનું નક્કી કર્યું. એક પ્રખ્યાત ઉદ્યોગપતિ અને ભારતીય અબજોપતિ ઉદ્યોગસાહસિક તરીકે કરસનભાઈનું જીવન તેમની ઉદ્યોગસાહસિક નિપુણતાની સાખ પૂરે છે. તેમનો જન્મ ૧૯૪૫માં ઉત્તર ગુજરાતના રૂપપુર ગામ ખાતે એક ખેડૂત પરિવારમાં થયો હતો.

શ્રી કરસનભાઈ પટેલે કેમિસ્ટ્રી વિષય સાથે બીએસસીની ડિગ્રી મેળવી અને ત્યારબાદ અમદાવાદની ન્યૂ કોટન મિલ્સમાં લેબ ટેક્નિશિયન તરીકે કામ શરૂ કર્યું. તે પછી ૧૯૬૯માં તેમણે અમદાવાદમાં સ્થિત તેમના ઘરના પાછલા ભાગમાં મૂળભૂત સામગ્રીઓનો ઉપયોગ કરીને ડિટર્જન્ટ પાવડર બનાવવાનું શરૂ કર્યું. પોતાની રોજિંદી નોકરી પર જતા પહેલા, તેઓ આખા અમદાવાદ શહેરમાં પોતાની સાયકલ પર ફરતા અને ઘરે-ઘરે જઈને પોતાના હાથે બનાવેલા ડિટર્જન્ટના પેકેટ્સ વેચતા હતા. તેમણે તેમની સ્વર્ગસ્થ પુત્રી નિરૂપમાને પ્રેમભરી શ્રદ્ધાંજલિ આપતા તેમના ડિટર્જન્ટને 'નિરમા' નામ આપ્યું.

સારી ગુણવત્તાવાળો ડિટર્જન્ટ પાવડર અને તેના પોસાય તેવા ભાવો રાખવાનો કરસનભાઈનો અભિગમ તે સમયમાં એકદમ ક્રાંતિકારી હતો, જેના કારણે તેમની આ પ્રોડક્ટનું શરૂઆતના ગાળામાં વર્ડ-ટુ-માઉથ એટલે કે લોકમુખે માર્કેટિંગ થવા લાગ્યું. નિરમા ડિટર્જન્ટ પાવડર ખૂબ ઝડપથી લોકપ્રિય થવા લાગ્યો અને તેને ખૂબ સફળતા મળી. ટુંક સમયમાં કરસનભાઈએ તેમની મિલની નોકરી છોડી દીધી અને સંપૂર્ણપણે તેમના વ્યવસાય પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ધીમે ધીમે નિરમા ગ્રુપ એક બિઝનેસ સમૂહ તરીકે વિકસિત થયું અને તેના ઉત્પાદનોમાં ડિટર્જન્ટ, સિમેન્ટ, હેલ્થકેર તેમજ કેમિકલ્સનો સમાવેશ કરવામાં આવ્યો. આજે શ્રી કરસનભાઈ પટેલ ભારતના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં અગ્રણી કહેવાય છે. ફોર્બ્સના અંદાજ મુજબ, તેમની વ્યક્તિગત સંપત્તિ ઈં૪.૭ બિલિયનથી વધુ છે, જે દર્શાવે છે કે આકરી મહેનત થકી તેમણે પોતાનું



સમગ્ર જીવન પોસાય તેવા ભાવે સુલભ અને ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સના ઉત્પાદનને સમર્પિત કર્યું છે.

કરસનભાઈએ પોતાની આ સફળતાને હંમેશાં પોતાના વતન સાથે વહેંચી છે. તેઓ પોતાના ગુજરાતના મૂળિયાને ક્યારેય ભૂલ્યા નથી. તેમણે ગુજરાતના અન્ય વિસ્તારો ઉપરાંત, ઉત્તર ગુજરાતના માંડલી અને છત્રાલમાં નિરમાના મોટા ઔદ્યોગિક કેન્દ્રો બનાવ્યા છે. આ વિશાળ કેન્દ્રોએ હજારો સ્થિર સ્થાનિક રોજગારીઓનું સર્જન કર્યું છે. સ્થિર રોજગારથી મળતી આ સ્થિર આવકે પરંપરાગત કૃષિ આવકથી આગળ વધીને અનેક ગ્રામીણ લોકોના જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે.

કરસનભાઈ સમાજમાંથી કમાયેલું સમાજને પાછું આપવામાં માનતા હતા. આ જ વિચારધારા સાથે તેમણે નિરમા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનની શરૂઆત કરી, જેમાંથી અમદાવાદની પ્રખ્યાત નિરમા યુનિવર્સિટી અને નિરમા વિદ્યાવિહારની રચના થઈ. આજે, નિરમા યુનિવર્સિટી એક પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થા છે, જે ટેક્નોલોજી, મેનેજમેન્ટ, કાયદો, આર્કિટેક્ચર, ડિઝાઇન અને ફાર્મસી જેવા ક્ષેત્રોમાં ડિગ્રીઓ પ્રદાન કરે છે.

સ્થાનિક સ્તરે આવી વૈશ્વિક કક્ષાની યુનિવર્સિટી બનાવીને કરસનભાઈએ સુનિશ્ચિત કર્યું કે દેશના યુવાનોને ઘરઆંગણે જ ઉચ્ચ સ્તરનું શિક્ષણ મળી રહે. કરસનભાઈ પટેલની સફળતાની આ ગાથા સાબિત કરે છે કે નાના ગામડાનો એક સરળ વિચાર મોટો વિકાસ સાધી શકે છે અને વિશ્વની સૌથી મોટી કંપનીઓ સાથે સ્પર્ધા કરી શકે છે. ઓછી કિંમતે ગુણવત્તાયુક્ત ઉત્પાદનો અને પ્રાદેશિક વિકાસ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાએ ગુજરાતના અર્થતંત્ર અને સંસ્કૃતિ પર નિઃશંકપણે એક સકારાત્મક છાપ છોડી છે.

ઉદ્યોગપતિ અને શિક્ષણક્ષેત્રે સ્વપ્નદ્રષ્ટા એવા કરસનભાઈ પટેલને ઉદ્યોગક્ષેત્રે તેમની પ્રશંસનીય કામગીરી માટે અનેક એવોર્ડ્સ અને માન્યતાઓ મળ્યા છે. તેમને ૧૯૯૦માં ઉદ્યોગ રત્ન એવોર્ડ, ૧૯૯૮માં ગુજરાત બિઝનેસમેન એવોર્ડ, ૨૦૦૬માં અર્ન્સ્ટ એન્ડ યંગ લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ, ૨૦૦૯માં સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા એવોર્ડ, ૨૦૦૯માં બરોડા સન લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ, ૨૦૧૦માં પદ્મશ્રી એવોર્ડ તેમજ કેમટેક એવોર્ડ ઑફ હૉલ ઑફ ફેમ, વગેરેથી નવાજવામાં આવ્યા છે.

૨૦૦૧માં અમેરિકાની ફ્લોરિડા એટલાન્ટિક યુનિવર્સિટીએ તેમને તેમની પરોપકારી પ્રવૃત્તિઓ તેમજ વ્યવસાય અને માર્કેટિંગ કુશળતા માટે ડોક્ટરેટ ઑફ હ્યુમેનિટિઝની પદવી એનાયત કરી. ૨૦૦૭માં ઇન્દોરના દેવી અહિલ્યા વિશ્વવિદ્યાલયે તેમને ડૉક્ટર ઑફ લેટર્સ (ડી. લિટ.) ની પદવી એનાયત કરી.

ઉત્તર ગુજરાતમાં મહેસાણા ખાતે યોજાનારી આગામી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ઉત્તર ગુજરાત ક્ષેત્રના અસાધારણ પ્રતિભાયુક્ત ઉદ્યોગસાહસિકો પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ કાર્યક્રમ ઉભરતા અને સ્થાપિત ઉદ્યોગસાહસિકો બંને માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે. શ્રી કરસનભાઈ પટેલ જેવા ઉદ્યોગસાહસિકોની સાફલ્યગાથાને હાઈલાઈટ કરીને આ કોન્ફરન્સ સ્થાનિક સફળતાથી વૈશ્વિક સ્તરે વ્યવસાયોને વિકસિત કરવા માટે અમૂલ્ય પ્રેરણા અને સફળતાની બ્લૂપ્રિન્ટ પ્રદાન કરે છે.

ભાજપ નેતાએ ઉઠાવ્યા સવાલ

દિલ્હીમાં બે વિદેશી કોચ સહિત ૬ લોકોને રખડતાં શ્વાન કરડી ગયા

આ હડકાયેલા શ્વાને ચાર સુરક્ષાકર્મીને બચકાં ભર્યા હતાં, તેમને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં આયોજિત વર્લ્ડ પેરા એથલેટિક્સ ચેમ્પિયનશીપમાં સુરક્ષા વ્યવસ્થા મામલે મોટી ખામી સર્જાઈ છે. દિલ્હીના જવાહરલાલ નેહરૂ સ્ટેડિયમ પરિસરમાં બે વિદેશી કોચ પર રખડતાં શ્વાનોએ હુમલો કરી દીધો હતો. આ હડકાયેલા શ્વાને ચાર સુરક્ષાકર્મીને બચકાં ભર્યા હતાં. તેમને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટના બાદ નગર નિગમ સફાળુ જાગ્યું છે. તેણે શહેરમાં રખડતાં શ્વાનોને પકડવાની કામગીરી હાથ ધરી છે. ભાજપના એક નેતાએ આ ડૉગ અટેકની ઘટનાનો વિરોધ કર્યો હતો.ભાજપ નેતા વિજય ગોયલે જણાવ્યું હતું કે, આ ઘટના દેશની શાખ પર ધબ્બા સમાન છે. શું સુપ્રીમ કોર્ટના જજે શ્વાનને રસ્તા પર ખુલ્લા મુકવાનો આદેશ આપ્યો હતો. હવે કોણ જવાબદારી લેશે? દેશ બદનામ થઈ રહ્યો છે. જવાબદાર કોણ? દિલ્હીના જેએલએન સ્ટેડિયમમાં આંતરરાષ્ટ્રીય પેરા એથલેટિક્સ દરમિયાન જાપાન અને કેન્યાના કોચને રખડતાં શ્વાને કરડી લીધું છે. પહેલી ઘટનામાં કેન્યાના કોચ ડેનિસ મરાગિયા પર સ્ટેડિયમના એરિના નજીક શ્વાને હુમલો કર્યો હતો. તેમના પગ પર ઊંડો ઘા થયો હતો. થોડીવાર બાદ જાપાનના કોચ મેઈકો ઓકુમાત્સુને પણ વોર્મ-અપ ટ્રેક નજીક ટ્રેનિંગ સેશન દરમિયાન શ્વાને અચાનક હુમલો કર્યો હતો. બંને કોચને તાત્કાલિક ધોરણે સ્ટેડિયમના મેડિકલ રૂમમાં પ્રાથમિક ઉપચાર આપવામાં આવ્યો હતો, ત્યારબાદ સફદરજંગ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતાં. હાલ બંનેની સ્થિતિ સ્થિર છે.

ઘટના બાદ દિલ્હી સરકારના રમતગમત મંત્રાલય અને નગર નિગમે સંયુક્ત કામગીરી હાથ ધરી છે. એનડીએમસી અને એમસીડીની ટીમ સ્ટેડિયમ પરિસર અને આસપાસના વિસ્તારોમાં રખડતાં શ્વાનને પકડવાનું અભિયાન હાથ ધરાયું છે. ઘટના બાદ તંત્રે સ્ટેડિયમ પરિસરમાં ચાર સ્થાયી ડોગ-કેચિંગ ટીમ, રેપિડ રિસ્પોન્સ યુનિટ અને વાહન તૈનાત કરવામાં આવ્યા છે. ઓર્ગેનાઈઝર કમિટીના સભ્ય અર્ણવ ઘોષે જણાવ્યું હતું કે, એક કેન્યાઈ ખેલાડીને શ્વાન કરડ્યા બાદ ગત મોડી રાત્રે એક સ્પેશિયલ સ્કવૉડ તૈનાત કરવામાં આવી છે. જે સ્ટેડિયમમાં રખડતાં શ્વાનને પકડવાની કામગીરી કરી રહી છે. ભારત પ્રથમ વખત વર્લ્ડ પેરા એથલેટિક્સ ચેમ્પિયનશીપની મેજબાની કરી રહ્યું છે. આ ઘટનાએ ભારતની તૈયારીઓ અને ખેલાડીઓની સુરક્ષા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. સુપ્રીમ કોર્ટે ૧૧ ઓગસ્ટના રોજ દિલ્હી-એનસીઆરમાંથી તમામ રખડતાં શ્વાનને અસ્થાયી રૂપે શેલ્ટર હોમમાં મૂકવાનો નિર્દેશ આપ્યો હતો. જો કે, તેનો મોટાપાયે વિરોધ થતાં ૨૨ ઓગસ્ટના રોજ આદેશમાં સુધારો કરવામાં આવ્યો હતો કે, ખસીકરણ અને રસીકરણ બાદ શ્વાનને તેમના મૂળ સ્થળે પરત છોડવામાં આવશે. રેબિઝનું સંક્રમણ અને આક્રમક સ્વભાવ ધરાવતા શ્વાન પર આ નિયમ લાગુ થશે નહીં.

સ્વાસ્થ્ય વિશે આપી જાણકારી

સોનમ વાંગચુકનો જેલથી મેસેજ, લેહ હિંસાની તપાસની માગ

(સંપૂર્ણ સમાચાર સેવા)લદ્દાખ

ક્લાઈમેટ એક્ટિવિસ્ટ અને ઈનોવેટર સોનમ વાંગચૂકે લેહમાં થયેલી હિંસામાં ૪ લોકોના મોતને લઈને સ્વતંત્ર ન્યાયિક તપાસની માંગ કરી છે. રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા અને છઠ્ઠી અનુસૂચિ લાગુ કરવાની માંગ સાથે ૨૪ સપ્ટેમ્બરના રોજ થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. ત્યારબાદ વાંગચુકને રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા હતા. એ પછી તેમણે લદ્દાખીઓને શાંતિ અને એકતા જાળવવા અને અહિંસક, ગાંધી ચિંધ્યા માર્ગે પોતાનો સંઘર્ષ ચાલુ રાખવા વિનંતી કરી હતી. આ મેસેજ તેમણે તેમના ભાઈ, ત્સેતન દોરજે લે અને વકીલ મુસ્તફા હાજી દ્વારા આપ્યો હતો, જેઓ શનિવારે જોધપુર સેન્ટ્રલ જેલમાં તેમની મુલાકાતે આવ્યા હતા. સોનમ વાંગચુકે જણાવ્યું હતું કે, જ્યા સુધી સ્વતંત્ર તપાસનો આદેશ ન મળે, ત્યાં સુધી હું જેલમાં રહેવા તૈયાર છું. રેમન મેગ્સેસે એવોર્ડ વિજેતા વાંગચુકે લેહ એપેક્સ બોડી અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સની છઠ્ઠી અનુસૂચિ અને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની માંગને સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, એપેક્સ બોડી લદ્દાખના હિતમાં જે પણ પગલાં લે છે, હું તેમને પૂરા દિલથી સમર્થન આપું છું. નાગરિકોને સંબોધન કરતાં એક પત્રમાં તેમણે લખ્યું છે કે, હું શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ છું. દરેકની ચિંતા અને પ્રાર્થનાઓ માટે હું આભાર માનું છું. જે લોકોએ તેમનો જીવ ગુમાવ્યો છે, તેમના પરિવારો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના છે. જેઓ ઘાયલ થયા છે અથવા કસ્ટડીમાં છે તેમના માટે હું પ્રાર્થના કરું છું. લેહ એપેક્સ બોડી અને કેડીએએ ગૃહ મંત્રાલયના અધિકારીઓ સાથે ૬ ઓક્ટોબરે યોજાનારી વાટાઘાટોમાંથી હટી જવાનો નિર્ણય લીધો છે. બંને સંગઠનોએ ચાર લોકોના મૃત્યુની ન્યાયિક તપાસ અને વાંગચુક સહિત અટકાયતમાં લેવાયેલા તમામ લોકોની તાત્કાલિક અને બિનશરતી મુક્તિની માંગ કરી છે. દરમિયાન, સુપ્રીમ કોર્ટ સોમવારે સોનમ વાંગચુકની પત્ની ગીતાંજલિ અંગ્મો દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરશે, જેમાં **NSA** હેઠળ ક્લાઈમેટ એક્ટિવિસ્ટની અટકાયતને પડકારવામાં આવી છે અને તેમની તાત્કાલિક મુક્તિની વિનંતી કરવામાં આવી છે. કોર્ટની ૬ ઓક્ટોબરના કેસ યાદી પ્રમાણે અરજી ન્યાયાધીશ અરવિંદ કુમાર અને એનવી અંજારિયાની બેન્ચ સમક્ષ સુનાવણી માટે આવશે. વરિષ્ઠ વકીલ વિવેક તન્ખા અને વકીલ સર્વમ રીતમ ખરે દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં અંગ્મોએ વાંગચુક સામે **NSA** લાદવાના નિર્ણય પર પણ સવાલ ઉઠાવ્યા છે.

૬ લાખનો વાયદો કરી ૫૦૦૦ના ચેક પકડાવ્યા!

સરકારી સહાયના નામે મધ્ય પ્રદેશ સરકારે કરી ક્રૂર મજાક

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

મધ્ય પ્રદેશમાં સરકારી સહાયના નામે ભાજપ સરકારે પીડિત પરિવારો સાથે ક્રૂર મજાક કરી છે. ખંડવા જિલ્લામાં પાડલ ફાટામાં દુર્ઘટનાના પીડિતોના પરિવારોને બંધ કવર સોંપતી વખતે મુખ્યમંત્રી મોહન યાદવે ફોટો પડાવ્યો હતો, જ્યારે બીજા દિવસે મંત્રી વિજય શાહે **ICU**માં ઘાયલોને બંધ કવર આપ્યું હતું. પરંતુ હવે આ બંધ કવરમાં શું હતું તે જાણીને તમને નવાઈ લાગશે. વાસ્તવમાં ૨ ઓક્ટોબરના રોજ સાંજે ખંડવા જિલ્લાના પંધાના નજીક એક તળાવમાં દુર્ગા મૂર્તિના વિસર્જન દરમિયાન એક ટ્રેક્ટર-ટ્રોલી પલટી જવાથી મોટી દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં ૧૧ લોકોના મોત થઈ ગયા હતા. તેમાં મોટાભાગે નાની બાળકીઓ અને કેટલાક યુવાનો હતા. ઘટના બાદ તરત જ મુખ્યમંત્રી મોહન યાદવે મૃતકોના પરિવારજનોને ૪-૪ લાખની આર્થિક સહાય આપવાનો આદેશ આપ્યો હતો. આ સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને મૃતકોના પરિવારજનોને ૨-૨ લાખ અને ઘાયલોને ૫૦-૫૦ હજારની નાણાકીય સહાયની જાહેરાત કરી હતી.

આ ઉપરાંત મુખ્યમંત્રીએ ગંભીર રીતે ઘાયલ થયેલા લોકો માટે ૧ લાખ રૂપિયાની રાહત રકમની જાહેરાત કરી હતી. આમ, મૃતકોના પરિવારજનોને કુલ ૬ લાખ રૂપિયા અને ઘાયલોને દોઢ લાખ રૂપિયા મળવાના હતા.

હવે જ્યારે મુખ્યમંત્રી મોહન યાદવ પાડલ ફાટા પહોંચ્યા અને પરિવારના સભ્યો સાથે મુલાકાત કરીને સાંત્વના આપી, ત્યારે તેમણે તેમને બંધ કવર આપ્યા. બધાને લાગ્યું કે, તેમાં જાહેર કરાયેલી ૪ લાખ રૂપિયાની રકમના ચેક હશે. પરંતુ જ્યારે પરિવારના સભ્યોએ ઘરે જઈને કવર ખોલ્યા, ત્યારે તેઓ હેરાન રહી ગયા. કારણ કે, કવરમાં ચેક નહીં પરંતુ માત્ર **SDM** પંધાનાનો રકમ સ્વીકૃતિ પત્ર હતો.

ત્યારબાદ શનિવારે સવારે બીજી એક ઘટના બની જ્યારે રાજ્યના મંત્રી વિજય ખંડવાના જિલ્લા હોસ્પિટલમાં પાડલ ફાટાના ઘાયલોને મળવા માટે **ICU** પહોંચ્યા. મંત્રી એક બંધ કવરમાં ચેક લઈને પહોંચ્યા અને તે ચેક આપતા ફોટો પડાવ્યો હતો. પ્રેસ નોટ પણ જારી કરવામાં આવી. એવું લાગ્યું કે તેઓ ઘાયલોને ૧.૫ લાખ રૂપિયાનો ચેક આપવા આવ્યા હશે.

સરકારી પ્રેસનોટમાં સહાયની રકમ અને કવરનો ઉલ્લેખ હતો, પરંતુ રકમની કોઈ જાણકારી નહોતી. જ્યારે ઘાયલોએ કવર ખોલ્યું ત્યારે તેમાં માત્ર ૫,૦૦૦ રૂપિયાનો ચેક હતો, જે કોઈપણ જાહેરાતનો ભાગ નહોતો.સરકારી સૂત્રોનું કહેવું છે કે આ ચેક તાત્કાલિક સહાયના નામે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ખંડવા શાખામાંથી બનાવવામાં આવ્યા હતા.પરંતુ અહીં પણ ગડબડ થઈ ગઈ. ૬ ઘાયલો દાખલ હતા, પરંતુ ચેક માત્ર ૪ લોકોને જ મળ્યા. એવું કહેવામાં આવ્યું હતું કે ચેક તેમના જરૂરી ખર્ચાઓને પહોંચી વળવા માટે તાત્કાલિક સહાય માટે હતા. મોટી રકમ સીધી તમારા ખાતામાં જમા કરવામાં આવશે.

કેજરીવાલ રાજ્યસભાની ચૂંટણી નહીં લડે

ઉદ્યોગપતિ રાજિન્દર ગુપ્તાને રાજ્યસભામાં મોકલવાની તૈયારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આમ આદમી પાર્ટીએ પંજાબમાંથી રાજ્યસભા પેટાચૂંટણી માટે પોતાના ઉમેદવારની જાહેરાત કરી છે. આ વખતે અરવિંદ કેજરીવાલને નહીં, પરંતુ ઉદ્યોગપતિ રાજિન્દર ગુપ્તાને રાજ્યસભામાં મોકલવાની તૈયારી કરી છે. પંજાબમાંથી એક રાજ્યસભા બેઠક માટેની પેટાચૂંટણી ૨૪ ઓક્ટોબરે યોજાશે. આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની રાજકીય બાબતોની સમિતિએ સર્વાનુમતે રાજિન્દર ગુપ્તાના નામાંકનને મંજૂરી આપી હતી. ગુપ્તા પંજાબ આયોજન બોર્ડના ઉપાધ્યક્ષ હતા, પરંતુ તેમણે એક દિવસ પહેલા જ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું.

રાજિન્દર ગુપ્તાને ૨૦૨૨માં પંજાબ પ્લાનિંગ બોર્ડમાં સામેલ કરવામાં આવ્યા હતાં. સાંસદ સંજીવ અરોડા લુધિયાણા વેસ્ટ પેટાચૂંટણીમાં જીત્યા બાદ રાજ્યસભાની પંજાબની બેઠક ખાલી થઈ હતી. જ્યારે તેમને લુધિયાણા વેસ્ટમાંથી ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા, ત્યારે વિપક્ષોને અપેક્ષા હતી કે, અરવિંદ કેજરીવાલ રાજ્યસભા જશે. પરંતુ હવે તેમણે પોતે ઉમેદવારી નોંધાવાના બદલે ઉદ્યોગપતિ રાજિન્દર ગુપ્તાનું નામ જાહેર કર્યું છે.

કેજરીવાલે કહ્યું હતું કે તેઓ નહીં લડે. પંજાબમાં સાત રાજ્યસભા બેઠકો છે, જેમાંથી છ બેઠકો આમ આદમી પાર્ટીના સાંસદો પાસે છે. હરભજન સિંહ, સંત બલબીર સિંહ, અશોક કુમાર મિત્તલ, સંદીપ પાઠક અને વિક્રમજીત સિંહ સાહની પંજાબમાંથી રાજ્યસભા સાંસદ છે. રાજ્યસભામાં ગુપ્તાનો પ્રવેશ નિશ્ચિત છે, કારણ કે આમ આદમી પાર્ટી પાસે ૧૧૭ બેઠકની વિધાનસભામાં ૯૩ ધારાસભ્યો છે. રાજ્યસભાની ચૂંટણી જીતવા માટે માત્ર ૬૦ મતની જરૂર છે. તેથી, ગુપ્તાની જીત નિશ્ચિત છે.

ગુપ્તાએ અકાલી દળમાંથી રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. તેમણે અકાલી દળ અને ભાજપ સરકાર દરમિયાન અનેક મહત્વપૂર્ણ હોદ્દા સંભાળ્યા છે. તેમની કંપની ટ્રાઇડેન્ટનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૫,૦૦૦ કરોડથી વધુ છે. કંપની કોટન પેપર, બેડશીટ અને ટુવાલ જેવા ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે. એક સામાન્ય પરિવારમાં જન્મેલા રાજિન્દર ગુપ્તા પાસે કોઈ વ્યવસાયિક પૃષ્ઠભૂમિ નહોતી.

નવમા ધોરણનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેમણે એક ફેક્ટરીમાં નોકરી કરી હતી. ઘણા વર્ષો નાની-મોટી નોકરી કર્યા બાદ તેમણે ૧૯૮૫માં ૬.૫ કરોડના રોકાણનું મોટુ જોખમ લીધું અભિષેક ઈન્ડસ્ટ્રીઝ નામથી ખાતર ફેક્ટરી સ્થાપી હતી. આ કંપની પાછળથી ટ્રાઈડેન્ટ તરીકે પ્રચલિત અને વિકસિત થઈ. ફોર્બ્સ અનુસાર, તેઓ ૧.૩ અબજ ડોલરની નેટવર્થ ધરાવે છે. આ ઉપરાંત, તેમની કંપનીના ઉત્પાદનોની ૧૫૦થી વધુ દેશોમાં નિકાસ થાય છે.

સંજુ સેમસનની અવગણના કરી હતી

શ્રીકાંતે ટીમની પસંદગી કરવાના અજિત અગરકરના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ટીમ ઈન્ડિયાના પૂર્વ મુખ્ય પસંદગીકાર કૃષ્ણમાચારી શ્રીકાંતે ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ભારતીય ટીમની પસંદગી કરવાના અજિત અગરકરના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા છે. શ્રીકાંતે સંજુ સેમસનને લઈને અગરકરની ટીકા કરી હતી. સંજુ સેમસનને ઓસ્ટ્રેલિયા સામે ૧૯ ઓક્ટોબરથી શરૂ થનારી ત્રણ મેચની **ODI** સીરિઝ માટે બેકઅપ વિકેટકીપર તરીકે અવગણના કરી હતી. ઋષભ પંતની ઈજાને કારણે સંજુ સેમસનને **ODI** ટીમના બેકઅપ વિકેટકીપર સ્થાન માટે દાવેદાર માનવામાં આવતો હતો, કારણ કે **KL** રાહુલ હવે નિયમિત વિકેટકીપર છે, પરંતુ પસંદગીકારોએ તેના બદલે ધ્રુવ જુરેલને તક આપી છે. અહીં રસપ્રદ વાત એ છે કે,સંજુ સેમસનને ૨૦૨૩ ના અંતમાં દક્ષિણ આફ્રિકામાં સીરિજની નિર્ણાયક મેચમાં તેની છેલ્લી **ODI** મેચમાં સદી ફટકારી હતી, ત્યારબાદ તેને પછીની સીરિઝમાંથી બહાર કરવામાં આવ્યો હતો. સેમસનને બહાર રાખવાના નિર્ણય પર દુઃખ વ્યક્ત કરતા શ્રીકાંતે કહ્યું કે, ૩૦ વર્ષીય ખેલાડીને પહ

ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજ્યસભા સાંસદ શ્રી ડૉ. કે.લક્ષ્મણ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા સહિતના મહાનુભાવો રહ્યા ઉપસ્થિત

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'વિચરતી વિમુક્ત જાતિઓનું રાજ્ય સ્તરીય મહાસંમેલન'

જેને કોઈ પૂછતું નથી એને મોદી પૂજે છે એ વાત વિચરતી-વિમુક્ત જાતિઓ માટે અનેક કલ્યાણ યોજનાઓના સફળ અમલથી વડાપ્રધાનશ્રીએ સાકાર કરી છેઃ-મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિચરતી વિમુક્ત જાતિઓ ના અમદાવાદમાં યોજાયેલા રાજ્ય સ્તરીય મહાસંમેલન' માં સ્પષ્ટ પણે કહ્યું હતું કે જેને કોઈ પૂછતું પણ ન હતું તેવા અંત્યોદય , ગરીબ ,વંચિતો ને મોદી સાહેબે પૂજ્યા છે.

ડીએનટી ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ સંમેલનમાં રાજ્યભરમાંથી વિચરતી વિમુક્ત જાતિઓના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, વિચરતી- વિમુક્ત જાતિનો સમાજ આગળ વધશે તો ક્યારે વધશે એ ભૂતકાળમાં સવાલ હતો પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવું સક્ષમ નેતૃત્વ મળ્યું અને દરેક વ્યક્તિ-સમાજને સાથે રાખીને સૌના સાથ સૌના વિકાસ સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ નો ધ્યેય પાર પડ્યો છે.

તેમણે નાનામાં નાના માણસનો વિચાર કરીને સરકારી યોજનાઓ કે નીતિઓ બનાવી છે અને વિકસિત ભારતના નિર્માણ માટે છેવાડાના અને મધ્યમ વર્ગના માનવી ને કેન્દ્ર સ્થાને રાખીને વિકાસ સાથે જોડ્યો છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિચરતી અને વિમુક્ત જાતિઓના બાળકોને શિક્ષણ આપવા ,ભણાવવા પર ભાર મુકતા કહ્યું કે, તમારા દીકરા-દીકરી ભણીને આગળ વધે એ માટે સરકારે ખુબ સારી યોજનાઓ બનાવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં વિચરતી-વિમુક્ત જાતિના ૨૭ લાખથી વધુ લાભાર્થીઓને ૨૯૭ કરોડ રૂપિયાની રકમ ની શિષ્યવૃત્તિની સહાય ચૂકવવામાં આવી છે અને ૮૪૪૮ જેટલાં લાભાર્થીઓને ૧૦૫ કરોડ રૂપિયાની લોન સહાય પૂરી પાડવામાં આવી છે.

તેમણે ઉમેર્યું કે, અત્યારે જે પ્રમાણે દેશ અને દુનિયાની ડિમાન્ડ અને સમયની માંગ છે તે પ્રમાણે કદમથી કદમ મિલાવી દીકરા-દીકરીઓ ભણીને આગળ વધી રહ્યા છે એમાં જ્યાં જરૂર પડે ત્યાં સરકાર તમારી સાથે ઉભી રહેવા તૈયાર છે.

તેમણે આ સમાજ ની બહેનો માતાઓને પણ સ્વ સહાયજૂથ જેવી યોજનાઓ નો લાભ લઈ આત્મ નિર્ભર બનવા પ્રેરણા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આપણે વિકસિત ભારત તરફ આગળ વધી રહ્યા છે ત્યારે આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે તમામ સમાજો એ પણ તેમાં જોડાવાનું છે.

વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવવા નાનામાં નાનો માણસ મુખ્ય પ્રવાહમાં આવે તે માટે સરકાર વિવિધ કલ્યાણ યોજનાઓ માં સેચ્યુરેશન અભિગમ થી પડખે ઊભી રહી છે.

તેમણે આત્મ નિર્ભર ભારત માટે વોકલ ફોર લોકલ અને સ્વદેશી વસ્તુઓ ના વધુ ને વધુ ઉપયોગ નું આહ્વાન કરતાં કહ્યું કેજીએસટી રીફોર્મ્સના લીધે જનજીવનને ઘણો લાભ થઈ રહ્યો છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી એ આગામી દિવસોમાં આવતા તહેવારોમાં સ્વદેશી ચીજ વસ્તુઓના ખરીદ વેચાણ ને વેગ આપીનેઆત્મનિર્ભર ભારત વિકસિત ભારત નો સંકલ્પ વેગવાન બનાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિચરતી વિમુક્ત જાતિના લોકોને કાયમી સરનામું મળી રહે તેવા આશયથી 'ઘરનું ઘર' આપવાની શરૂઆત કરી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે, ૨૮ જેટલી વિચરતી અને ૧૨ જેટલી વિમુક્ત જાતિ મળી કુલ ૪૦ જેટલી જાતિઓ સામાજિક અને શૈક્ષણિક રીતે ઘણી પછાત હોય છે ત્યારે રાજ્ય સરકારે ૨૦૧૫માં આવા લોકો માટે નિગમની રચના કરી હતી.

રાજ્ય સરકારે વિચરતી વિમુક્ત જાતિના બાળકોના અભ્યાસ માટેની ચિંતા કરી તેમને સ્કોલરશીપ અને બીજી ઘણી શૈક્ષણિક સહાય મળી રહે તેવા પ્રયાસો કર્યા છે તેવું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું જે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ છેવાડાના લોકો સુધી વિકાસના લાભ પહોંચે તે દિશામાં કાર્ય કરી રહ્યા છે.

વધુમાં જણાવતાં મંત્રીશ્રીએ કહ્યું કે, સ્ટ્રીટ વેન્ડર્સને પોતાના ધંધા માટે બેંકમાંથી સરળ રીતે લોન મળી રહે તે પ્રકારની વ્યવસ્થા વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પદ્મશ્રી ભાનુભાઈ ચિતારાનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ અને ભાજપ ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ડૉ. કે.લક્ષ્મણ, રાજ્યસભા સાંસદ અને પ્રદેશ ભાજપ ઓબીસી મોરચાના પ્રમુખ શ્રી મયંક નાયક, અમદાવાદ શહેરના મેયર શ્રીમતિ પ્રતિભાબેન જૈન, શહેર ભાજપ અધ્યક્ષ શ્રી પ્રેરકભાઈ શાહ, શ્રી ભરતભાઈ પટણી, શ્રી પ્રવિણભાઈ ધુગે, શ્રી સાગરભાઈ રાયકા તથા વિચરતી વિમુક્ત જાતિઓના રાજ્યભરમાંથી પધારેલા આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અચાનક ખુલી ગયું RAT

અમૃતસરથી ઉડાન ભરેલી એર ઈન્ડિયાની ફ્લાઈટનું બર્મિંગહામમાં ઈમરજન્સી લેન્ડિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમૃતસર

અમૃતસરથી બર્મિંગહામ યુનાઈટેડ કિંગડમ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ **AI117**ને શનિવાર, ૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ લેન્ડિંગ દરમિયાન ટેકનિકલ સમસ્યાનો સામનો કરવો પડ્યો. લેન્ડિંગ દરમિયાન **RAT** આપમેળે એક્ટિવ થઈ ગયું. જોકે, પાઈલટ્સની બુદ્ધિ અને કુશળતાને કારણે, વિમાન બર્મિંગહામ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતર્યું. મીડિયા અહેવાલો અનુસાર, એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે વિમાનના તમામ ઈલેક્ટ્રિકલ અને હાઈડ્રોલિક પરિમાણો સામાન્ય હતા અને કોઈ મોટો ભય નહોતો. જોકે, સાવચેતી રૂપે સંપૂર્ણ તકનીકી નિરીક્ષણ માટે વિમાનને ગ્રાઉન્ડ કરવામાં આવ્યું હતું. પરિણામે, તે જ ફ્લાઈટમાં બર્મિંગહામથી દિલ્હી જતી પરત ફ્લાઈટ **AI114** રદ કરવી પડી. જોકે, એર ઈન્ડિયા મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી રહી છે. **RAT** એ એક નાનો પંખો છે જે ઈમરજન્સીની સ્થિતિમાં વીજળી અને હાઈડ્રોલિક પાવર પૂરો પાડે છે. તેનું પૂરું નામ રૈમ એર ટર્બાઈન છે. તે એક નાનું ટર્બાઈન છે જે વિમાનના નીચેથી બહાર નીકળે છે. તે હવાની મદદથી ફરે છે અને કંટ્રોલ અને હાઈડ્રોલિક પાવરને પાવર પૂરી પાડે છે. જ્યારે બંને વિમાન એન્જિન નિષ્ફળ જાય છે અથવા મુખ્ય પાવર સિસ્ટમ બંધ હોય છે અથવા નુકસાન થાય છે, ત્યારે **RAT** આપમેળે એક્ટિવ થાય છે અથવા પાઈલટ દ્વારા મેન્યુઅલી એક્ટિવ કરી શકાય છે. તે વિમાનની મહત્વપૂર્ણ સિસ્ટમોને કાર્યરત રાખવા અને પાઈલટ વિમાનને નિયંત્રિત કરવા સક્ષમ બનાવવા માટે ઈમરજન્સી પાવર સપ્લાય તરીકે કામ કરે છે. **RAT**નો હેતુ વિમાનને ઉડાનમાંથી બહાર નીકળતા અટકાવવાનો અથવા ઓછામાં ઓછું નિયંત્રણ જાળવવાનો છે, પરંતુ તે ઉડાન માટે મુખ્ય પાવરને બદલી શકતું નથી.

અમદાવાદમાં ૯ હજાર વિદ્યાર્થી પતરાવાળી સ્કુલમાં ભણવા મજબુરઃ કન્યા કેળવણી પ્રવેશોત્સવ કરતી સરકાર વિદ્યાર્થીઓના ભાવી વિશે વિચારશે ખરા?

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદના વિવિધ વોર્ડ વિસ્તારમાં મ્યુનિસીપલ સ્કુલ બોર્ડ સંચાલિત ૩૨ પતરાવાળી શાળાઓ આવેલી છે.

આ શાળાઓ તોડી પાડી નવી શાળા બનાવવા રાજય સરકાર ગ્રાન્ટ આપશે. મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા નવી શાળાઓ બનાવવા ટુંક સમયમાં ટેન્ડર બહાર પાડવામાં આવશે. મ્યુનિસીપલ બોર્ડને પતરાવાળી સ્કુલને તોડી નવી સ્કુલ બનાવવાનુ હવે યાદ આવ્યુ, અમદાવાદ ઉત્તર ઝોન ઉપરાંત મધ્ય અને પૂર્વ અને દક્ષિણ ઉપરાંત દક્ષિણ-પશ્ચિમ, પશ્ચિમ એમ કુલ ૬ ઝોનમાં નગર પ્રાથમિક શિક્ષણ સંચાલિત ૩૨ પતરાવાળી શાળાઓ આવેલી છે, આ શાળાઓના ૧૭૯ ઓરડાઓમાં ૯૭૫૩ બાળકો અભ્યાસ કરે છે. સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ કહ્યુ કે ૩૨ પૈકી ૬ શાળા ભાડાની જગ્યામાં ચલાવાઈ રહી છે, આ તમામ શાળાઓ તોડી નવી શાળાઓ બનાવવા રાજય સરકાર તરફથી મંજુરી મળી ગઈ છે. ટેન્ડર પ્રક્રિયા બાદ તબક્કાવાર શાળાનુ બાંધકામ શરૂ કરાશે.

ઝોન પ્રમાણે પતરાવાળી શાળાઓ જોઈએ તો (૧) ઉત્તર ઝોન શાળાની સંખ્યા ૧૪ , દક્ષિણ ઝોન શાળાની સંખ્યા ૧, પૂર્વ ઝોન શાળાની સંખ્યા ૮, મધ્ય ઝોન શાળાની સંખ્યા ૬, દક્ષિણ પશ્ચિમ ઝોન શાળાની સંખ્યા ૨, પશ્ચિમ ઝોન શાળાની સંખ્યા ૧.

વડોદરામાં વકીલે ઓફીસમાં જ કામ કરતી યુવતિ પર વારંવાર દુષ્કર્મ અને સૃષ્ટિ વિરૂધ્ધનુ કૃત્ય આચર્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરાના સુભાનપુરા વિસ્તારમાંથી એક ખળભળાટ મચાવતી ઘટના બહાર આવી છે, એક પ્રતિષ્ઠિત વકીલ પોતાની જ ઓફીસમાં કામ કરતી યુવતિ પર વારંવાર દુષ્કર્મ અને સૃષ્ટિ વિરૂધ્ધના કૃત્યો આચર્યાનો આરોપ લાગ્યો છે. આ કેસમાં આરોપી વકીલ કૃણાલ પરમારે પીડીતા યુવતિની મજબુરીઓનો લાભ લઈ તેનુ શારીરીક અને માનસિક શોષણ કરી બધી હદો પાર કરી નાખી જેમાં અંગત પળો નો ફોટો અને વિડીયો બનાવી તેને વાઈરલ કરવાની ધમકી આપીને વારંવાર અપરાધ કર્યા,

ગઈ કાલે ગોરવા પોલીસ મથકે પીડીતાની ફરીયાદ પર આરોપીને ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના ન માત્ર વ્યકિતગત શોષણની છે પરંતુ મહિલાઓની સુરક્ષા અને કાર્યસ્થળ પરના જોખમોના મુદ્દા પર પણ પ્રશ્નો ઉભા કરે છે. ન્યાય અપાવતો વકીલ જ આવા હલકા અને અપરાધીક કૃત્યો આચરે તો ન્યાયની આશા લોકો કોની પાસે રાખે ? પીડીતા યુવતિ જે નર્સિંગમાં ઉચ્ચ શિક્ષણ ધરાવે છે . વર્ક ફોમ હોમ ના કારણે આર્થિક મજબુરીનો સામનો કરી રહી હતી. તેના વતનથી વડોદરા દુર હોવાથી તેણે તેના મિત્રને તેની આર્થિક સ્થિતિ વિશે વાત કરી હતી. મિત્રએ તેની મદદ કરવા માટે પોતાના મિત્ર (જે આરોપી વકીલ કૃણાલ પરમાર સાથે જાણીતા હતા) દ્વારા વાત કરી, અને ત્યારબાદ ફેબ્રુઆરી ૨૦૨૫ માં યુવતિને સુભાનપુરા સ્થિત વકીલની ઓફીસમાં નોકરી મળી, આરોપી વકીલે તેને માસિક વેતન આપીને કામ પર રાખી હતી. જેનાથી શરૂઆતમાં યુવતિને રાહત મળી.

પરંતુ આ નોકરી યુવતિ માટે કાળાના કલાવાદની જેમ સાબિત થઈ, ઓફીસમાં જોડાયા પછી જ થોડા દિવસોમાં આરોપી વકીલે તેની મજબુરીઓનો લાભ લઈ શારીરીક શોષણ શરૂ કર્યુ, પ્રથમ તો દુષ્કર્મ ના અપરાધો સાથે જોડાયેલા સૃષ્ટિ વિરૂધ્ધના કૃત્યો આચર્યા અને તેની સાથે જ તેના ફોનથી અંગત પળોના ફોટો અને વિડીયો રેકોર્ડીગ કરી લીધા, આ વિડીયો અને ફોટોને વાઈરલ કરવાની ધમકી આપીને આરોપીએ યુવતિને વારંવાર પોતાની હાવી રાખી, આવી ધમકીઓથી ભીત અને નિર્ભય યુવતિ પોતાની નોકરી છોડી શકતી ન હતી, કારણ કે તેની આર્થિક સ્થિતિ અને સામાજિક કલંકનો ભય તેને વારંવાર ચુપ રહેવા મજબુર કરતો હતો. આ શોષણ ફેબ્રુઆરીથી લઈ જુલાઈ ૨૦૨૫ સુધી ચાલુ રહ્યુ, આરોપી વકીલની વારંવારની માંગણીઓથી કંટાળી ગયેલી યુવતિએ અનેક પ્રયત્નો કર્યા, પરંતુ ડરના કારણે કોઈને કંઈ જણાવ્યુ નહી, આરોપીની ધમકીઓની અસર એટલી ગંભીર હતી કે તેણે તેના મિત્રને પણ આ વિડીયો અને ફોટો મોકલી દીધા. જેનાથી પીડીતાની ગુપ્તતા અને માનસિક તણાવ વધુ વધ્યો, આ બધુ જાણીને પણ મિત્રએ તાત્કાલીક પગલા નથી લીધા, જે આ કેસમાં વધુ જટીલતા ઉમેરે છે.

જુલાઈમાં નોકરી છોડયા બાદ પણ આરોપીની ધમકીઓ બંધ થઈ નહી, વારંવાર શોષણથી માનસિક રીતે તોડાયેલી યુવતિએ આખરે તેના પરીવારજનોને આ બધી બાબતો જણાવી, પરીવારજનોએ તેને હિંમત આપી અને તાત્કાલીક ફરીયાદ કરવા પ્રોત્સાહિત કર્યા જેને લઈ ૪ ઓકટોબર ૨૦૨૫ ના રોજ વડોદરાના ગોરવા પોલીસ મથકે પીડીતા દ્વારા વિગતવાર ફરીયાદ નોંધવામાં આવી. ફરીયાદમાં દુષ્કર્મ (આઈપીસી ૩૭૬), સૃષ્ટિ વિરૂધ્ધના કૃત્યો (આઈપીસી ૩૭૭), બ્લેકમેઈલીંગ (આઈપીસી ૫૦૬) તેમજ આઈટીએકટ હેઠળના કલમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પોલીસે ફરીયાદ મળતા જ ગણતરીના કલાકોમાં આરોપી વકીલ કૃણાલ પરમારની ધરપકડ કરી લીધી હતી. આરોપી સુભાનપુરા વિસ્તારમાં પોતાની ઓફીસ ચલાવે છે અને વકીલ તરીકે જાણીતો છે. જે આ કેસને વધુ સંવેદનશીલ બનાવે છે. પોલીસ તપાસમાં ઈલેકટ્રોનીક પુરાવાઓ જેમ કે મોબાઈલ ફોન, વોટસએપ મેસેજ, વિડીયો અને ફોટો એકત્રિત કરવામાં આવી રહ્યા છે. આરોપીને અટકાયતમાં લઈને વધુ પુછપરછ કરવામાં આવી રહી છે અને તપાસમાં અન્ય સંભવિત પીડીતાઓની માહિતી પણ મેળવવામાં આવી રહી છે.

આ કેસ અંગે વડોદરાના એસપી આર ડી કવાયે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ગઈ કાલે ગોરવા પોલીસ મથકમાં દુષ્કર્મની ફરીયાદ નોંધાઈ હતી. ભોગ બનનાર યુવતિ નર્સિંગનુ ભણેલી છે અને વર્ક ફોમ હોમ કરતી હતી. તેને તેના વતન જવાનુ દુર પડતા તેણે મિત્રને વાત કરી અને મિત્રના મિત્રે આરોપી સાથે વાત કરી તેની ઓફીસમાં જોબ અપાવી હતી. ત્યારબાદ તે માસિક વેતન આપીને કામ કરતી હતી. દરમિયાન આરોપીએ યુવતિ સાથે અવાર નવાર દુષ્કર્મ આચર્યુ અને સૃષ્ટિ વિરૂધ્ધનુ કૃત્ય પણ કર્યુ , આ ઘટનામાં ઈલેકટ્રોનીક પુરાવા પણ એકત્રિત કરવામાં આવી રહ્યા છે.

આ કેસ વડોદરા જેવા શહેરી વિસ્તારમાં કાર્યસ્થળ પર મહિલાઓની સુરક્ષાના મુદ્દાને ફરીથી ઉજાગર કરે છે. આરોપી વકીલ હોવાથી આ કેસ કાનુની વ્યવસાયમાં આચાર નીતીના પ્રશ્નો પણ ઉભા કરે છે. ગુજરાતમાં તાજેતરના વરસોમાં મહિલા શોષણના કેસોમાં વધારો જોવા મળ્યો છે અને આવા કેસોમાં ડીજીટલ પુરાવાઓની ભુમિકા વધુ મહત્વપૂર્ણ બની છે. પીડીતા જેવી યુવતિઓ માટે આર્થિક મજબુરીઓ અને સામાજિક કલંકનો ભય મોટ અડચણ બને છે જે તેમને ચુપ રહેવા મજબુર કરે છે.

NCRBના રિપોર્ટમાં ખુલાસો

સૌથી વધુ વિદેશી કેદીઓ પશ્ચિમ બંગાળની જેલમાં કેદ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશભરની જેલોમાં અસંખ્ય કેદીઓ બંધ છે, પરંતુ શું તમે જાણો છો કે સૌથી વધુ વિદેશી કેદીઓ પશ્ચિમ બંગાળની જેલમાં કેદ છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો **(NCRB)** ના એક અહેવાલમાં આ અંગે ખુલાસો કરવામાં આવ્યો છે. **NCRB** એ ભારતીય જેલ આંકડા ૨૦૨૩નો રિપોર્ટ રજૂ કર્યો છે.

જે અનુસાર, પશ્ચિમ બંગાળની જેલોમાં સૌથી વધુ વિદેશી કેદીઓ કેદ છે. ભારતમાં કુલ ૬,૯૫૬ વિદેશી કેદીઓ છે, જેમાંથી ૨,૫૦૮ વિદેશી કેદીઓ (આશરે ૩૬ ટકા) પશ્ચિમ બંગાળની જેલમાં કેદ છે.

પશ્ચિમ બંગાળની જેલમાં ૨૫૭૭૪ કેદીઓ બંધ છે. જેમાંથી ૯ ટકા વિદેશી નાગરિક છે. જેમાં સૌથી વધુ ગુનેગાર બાંગ્લાદેશના છે.

પશ્ચિમ બંગાળની જેલમાં ૭૭૮ બાંગ્લાદેશીઓ વિરૂદ્ધ ગુના સાબિત થઈ ચૂક્યા છે અને ૧૪૪૦ કેદીઓના કેસ ચાલી રહ્યા છે. આ સિવાય જેલમાં બંધ સૌથી વધુ વિદેશી કેદીઓની સંખ્યામાં મ્યાનમાર બીજા ક્રમે છે.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની સરહદ વિશ્વની પાંચમી સૌથી લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ છે, જે લગભગ ૫,૦૦૦ કિલોમીટર સુધી ફેલાયેલી છે. તેમાંથી મોટાભાગની સરહદ પશ્ચિમ બંગાળમાં આવેલી છે. આ જ કારણ છે કે ઘણા બાંગ્લાદેશીઓ ગેરકાયદેસર રીતે પશ્ચિમ બંગાળમાં પ્રવેશ કરે છે, અને તેમની ધરપકડ થાય છે. આ વિદેશી કેદીઓમાં ઘણી મહિલાઓ પણ સામેલ છે.

એનસીઆરબીના અહેવાલ મુજબ, પશ્ચિમ બંગાળની જેલ કેદીઓથી ભરચક છે. ૨૦૨૩ સુધીમાં જેલની વસ્તી ૧૨૦ટકા સુધી પહોંચવાનો અંદાજ છે. રાજ્યની ૬૦ જેલોમાં ૨૧,૪૭૬ કેદીઓની ક્ષમતા છે, પરંતુ તેમાં ૨૫,૭૭૪ કેદીઓ બંધ છે. પશ્ચિમ બંગાળની જેલ વિશે વધુ નોંધનીય બાબત જાણવા મળી છે કે, દેશની તમામ જેલ પૈકી એકમાત્ર પશ્ચિમ બંગાળની એકમાત્ર મહિલા જેલમાં મહિલા કેદીની સંખ્યા વધુ છે. જ્યાં ૧૧૦ ટકાથી વધુ કેદી મહિલા છે. કુલ ૭૯૬ મહિલા કેદીઓ છે, જેમાં ૨૦૪ વિદેશી અને ૧૨ ટ્રાન્સજેન્ડર મહિલા સમાવિષ્ટ છે.

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરમાં હુડાના નોટીફીકેશન સામે ૧૧ ગામના ગ્રામજનોએ યોજયુ બેસણું : મહિલાઓએ લીધા છાજીયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરમાં હુડાનો ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. હિંમતનગર આજુબાજુના ૧૧ જેટલા ગામોના ખેડુતો અને ગ્રામજનો છેલ્લા એક મહિનાથી વિકાસ યોજનાનો વિરોધ કરી રહ્યા છે. તેમનો આક્ષેપ છે કે હુડાના કારણે તેમની ખેતીની જમીનો કપાતમાં જશે અને તેઓ પાયમાલ થઈ જશે. આજે રવિવારે ખેડુતોએ હુડાનુ બેસણું યોજયુ હતું. આ બેસણાંમાં મોટી સંખ્યામાં ખેડુતો જોડાયા હતા.

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર તાલુકાના બેરણા ગામમાં આજે રવિવારે સવારે હુડાના વિરોધમાં અનોખો કાર્યક્રમ યોજાયો હતો. થોડા દિવસ અગાઉ ખેડુતોએ હુડાનુ પુતળાદહન કર્યુ હતું અને આજે રવિવારે મોટી સંખ્યામાં ૧૧ ગામના લોકોએ ભેગા મળીને હુડાનુ બેસણું કર્યુ હતું. મહિલાઓ દ્વારા હુડાના છાજીયા લેવામાં આવ્યા હતા. ખેડુતો સરકારની વિકાસ યોજનાને પોતાની જીંદગીનો અંત માની રહ્યા હોય તેવા પ્રકારની આ ઘટના છે. ખેડુતોનો મુખ્ય વિરોધ એ છે કે આ યોજનાના અમલથી તેમની ખેતી લાયક જમીનનો મોટો હિસ્સો કપાતમાં જઈ રહ્યો છે. ખેડુતોના મતે આ પાયમાલ કરતો વિકાસ છે, જે તેમને સ્વીકાર્ય નથી. હુડાનુ નોટીફીકેશન બહાર પડયુ ત્યારથી જ વિરોધ શરૂ થયો છે અને છેલ્લા એક મહિનાથી સતત અલગ અલગ કાર્યક્રમો દ્વારા સરકારનુ ધ્યાન દોરવામાં આવી રહ્યુ છે. જો કે ખેડુતોનો આક્રોશ એ વાતને લઈને છે કે વારંવાર રજુઆતો કરવા છતાં સ્થાનિક નેતાગીરી કે રાજય સરકાર તરફથી આ મામલે કોઈપણ પ્રકારનો પ્રત્યુત્તર કે વિચારણા કરવામાં આવી નથી. સ્થાનિક નેતાગીરી અને સરકારની નિષ્ક્રિયતાથી રોષે ભરાયેલા ૧૧ ગામના લોકોએ હવે એક નિર્ણાયક પગલુ ભર્યુ છે. ગ્રામજનોએ સર્વસંમંતિથી નકકી કર્યુ છે કે આ અસરગ્રસ્ત ૧૧ જેટલા ગામડાઓમાં હવેથી કોઈપણ રાજકીય પક્ષના નેતાને પ્રવેશ આપવામાં આવશે નહી.

આ ઉપરાંત આ ૧૧ ગામડાઓમાં વસતા રાજકીય પદાધિકારીઓને પણ તેમના હોદા પરથી રાજીનામા આપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આંદોલનને મળેલા વ્યાપક સમર્થનનો પુરાવો એ છે કે આજના બેસણાં કાર્યક્રમમાં તમામ ધર્મના લોકો જોડાયા હતા. જેમાં હિંમતનગર નજીકના મુસ્લીમ ગામડાઓમાં પાણપુર, પરબડા, સવગઢ, સહિત ગામડામાંથી મોટી સંખ્યામાં મુસ્લીમો ઉમટી પડયા હતા.

અગાઉ દશેરાના દિવસે હુડાનુ દહન કરી પરંપરાગત રીતે આજરોજ સર્વ જ્ઞાતિના લોકોએ હિંમતનગરના બેરણા ખાતે બેસણું યોજી મહિલાઓએ છાજીયા સહિત સુત્રોચ્ચાર સાથે હુડાના કાયદા સામે સખત વિરોધ નોંધાવ્યો હતો. હુડાના કાયદા સામે આવનાર દિવસોમાં જલદ આંદોલન સહિત વિરોધના કાર્યક્રમો થકી રાજય સરકાર સહિત નેતાગીરી વિરૂધ્ધ ઉગ્ર વિરોધની રણનીતીઓ ઘડાઈ રહી છે.

પાટણ જિલ્લાના રાધનપુર નજીક ટ્રક અને બે મોટર સાઈકલ વચ્ચે ટક્કર : ૪ લોકોના મોતઃ ૧૫ ઘાયલ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લાના રાધનપુર નજીક આજે રવિવારે એક પીકઅપ વાન ટ્રક અને બે મોટર સાઈકલ સાથે અથડાતા ૪ લોકોના મોત અને ૧૫ અન્ય ઘાયલ થયા હોવાનુ પોલીસ અધિકારીએ જણાવ્યુ હતું. પોલીસ અધિક્ષક વસંત નાયીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે મોતીપીપળી ગામ નજીક રાષ્ટ્રીય ધોરી માર્ગ પર આજે રવિવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. એસપીએ વધુમાં જણાવ્યુ હતુ કે લગભગ ૧૫ મુસાફરોને લઈને જતી એક પીકઅપ વાન બીજા વાહનને ઓવરટેક કરવાનો પ્રયાસ કરતી વખતે એક સાથે ટ્રક સાથે અથળાઈ હતી. અકસ્માત સ્થળે રોડ બાંધકામના કારણે રસ્તાની એક બાજુ ટ્રાફીક જામ થઈ ગયો હતો. ત્યારબાદ વાન બે મોટર સાઈકલ સાથે અથડાઈ હતી. જેમાં બબ્બે લોકો સવાર હતા. વધુમાં તેમણે કહ્યુ હતુ કે મૃતકોમાં વાનમાં બે મુસાફરો અને બે મોટર સાઈકલ સવારનો સમાવેશ થાય છે. ૧૫ લોકો ઘાયલ થયા છે. જેમાંથી બે ની હાલત ગંભીર છે, ઘાયલ તમામને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રાધનપુર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યુ હતુ કે મૃતકોની ઓળખ લક્ષ્મણ દેસાઈ, યશ ઉંચોસન કનુ રાવલ, અને નસીબખાન તરીકે થઈ છે,

રાધનપુર પીઆઈ આર કે પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે એક ટ્રેલર રાધનપુર થી વારાહી બાજુ જઈ રહી હતી અને સામે એક બોલેરો પીકઅપ કે જેમાં ૧૦ થી ૧૨ લોકો સવાર હતા. તેમજ બે બાઈકમાં ૪ લોકો સવાર હતા. આ તમામ વાહનો વચ્ચે અકસ્માત થયો હતો. હાલ પ્રાથમિક તપાસમાં એવુ બહાર આવ્યુ છે કે બોલેરો પીકઅપ અને ટ્રેલર વચ્ચે સૌ પ્રથમ ટકકર થઈ હતી. ત્યારબાદ અન્ય વાહનો અથડાયા હતા.

અરવલ્લી જિલ્લાના મોડાસામાં માર મારવાના કેસમાં વકીલે પીએસઆઈ ડાભી સહિત ૪ પોલીસ કર્મીઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસામાં પોલીસે વકીલને માર મારતા મામલો બિચકયો હતો. ત્યારબાદ જિલ્લા કોર્ટ ખાતે બાર એસોસીએશને વિરોધ નોંધાવ્યો હતો. વકીલોએ કોર્ટ પરીસરમાં પોલીસ વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરીને વિરોધ નોંધાવ્યો હતો. તમામ વકીલો કામકાજ થી અળગા રહ્યા હતા. પોલીસના મારથી ઈજાગ્રસ્ત થયેલા વકીલને સારવાર અર્થે હોસ્પીટલ ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટનાના ત્રણ દિવસ બાદ પીડીત વકીલે પોલીસ કર્મીઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે. મોડાસામાં પોલીસે માર મારવાના કેસમાં વકીલ ગોપાલ ભરવાડે ઘટનાના ત્રણ દિવસ બાદ પીએસઆઈ ડાભી સહિત ૪ પોલીસ કર્મીઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે. ટાઉન પોલીસે પીએસઆઈ ડાભી સહિત અન્ય પોલીસ કર્મી આરોપી વિરૂધ્ધ ફરીયાદ નોંધી છે. જેમાં માર મારવો, મોબાઈલ ઝુંટવી લેવો અને રાયોટીંગ સહિતની કલમો હેઠળ ફરીયાદ નોંધાઈ હોવાનુ જાણવા મળી રહ્યુ છે. વકીલને માર મારવાની ઘટનાને લઈ અરવલ્લી જિલ્લા સહિત સમગ્ર ગુજરાતભરના બાર એસોસીએશનમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે.

વકીલ ગોપાલ ભરવાડ ફરીયાદીને લઈને પોલીસ સ્ટેશન ગયા હતા, જયાં પોલીસ અને તેમની વચ્ચે રકઝક થઈ હતી. ત્યારબાદ ઉશ્કેરાયેલા પોલીસ કર્મીઓએ વકીલને માર માર્યો હતો. જેમાં ઈજાગ્રસ્ત થયેલા વકીલને સારવાર માટે હોસ્પીટલ ખસેડાયા હતા. આ ઘટના બાદ મોડાસા કોર્ટ પરીસરમાં વકીલોએ સુત્રોચ્ચાર કરીને પોલીસ સામે વિરોધ નોંધાવ્યો હતો અને તમામ વકીલો કામકાજથી અળગા રહ્યા હતા.

પાણી કરતા પાતળો થઈને ચાલુ છુ એટલે સત્તાનો અહમ કે નશો ચડશે નહી : પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપના રાજકારણમાં એક નવા અધ્યયનો પ્રારંભ થયો છે. જગદીશ વિશ્વકર્માએ વિદાયમાન અધ્યક્ષ સીઆર પાટીલ પાસેથી પ્રદેશ અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી લીધી છે. ગઈ કાલે શનિવારે કોબા સ્થિત કમલમ ખાતે યોજાયેલા પદગ્રહણ સમારોહમાં તેમણે સૌ કાર્યકર્તાઓને સાથે લઈને ટીમ ગુજરાત ભાજપ થકી જનતાની સેવામાં તનતોડ પ્રયાસ કરવાની પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી. નવા પ્રદેશ અધ્યક્ષે પોતાનુ સંબોધન શરૂ કરતા જ સ્પષ્ટ કહી દીધુ કે આ પ્રદેશ અધ્યક્ષની જવાબદારી મારી એકલાની નથી, પરંતુ ભાજપના તમામ કાર્યકર્તાઓની છે, તેમણે સૌ કાર્યકર્તાઓના સાથ સહકાર થી આગળ વધવાની વાત પર ભાર મુકયો હતો. પદગ્રહણ સમારોહના આરંભે ગુજરાત પ્રભારી અને કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવ દ્વારા વિશ્વકર્માની બિનહરીફ વરણી થયાનુ ઔપચારીક રીતે જાહેર કરવામાં આવ્યુ હતું. કમલમમાં સેંકડો કાર્યકરોની પ્રથમ સભાને સંબોધતા જગદીશ વિશ્વકર્માએ સંગઠનમાં સમાનતાનો સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે બુથનો પ્રમુખ હોય કે જિલ્લાનો અધ્યક્ષ આ બેઉ મારા માટે સરખા રહેશે. સંબોધન વેળા એક તબકકે તેઓ ભાવુક થયા હતા અને જીવનના સુત્રને યાદ કર્યુ હતુ, તેમણે કહ્યુ હતુ કે મારા બા હંમેશા કહેતા કે પાણી કરતા પાતળા થઈને ચાલીએ એ શબ્દો મે મારી જીંદગીમાં ઉતાર્યા છે. એટલે સત્તાનો અહમ કે સત્તાનો નશો ચડશે નહી. આ નમ્રતા સાથેની કામગીરીની તેમની નીતિ દર્શાવે છે. પદગ્રહણ પૂર્વે તેમણે પૂર્વ કાળના અધ્યક્ષો સ્વ કેશુભાઈ પટેલ, સ્વ મકરંદ દેસાઈ, ડો. એ કે પટેલ, શંકરસિંહ વાઘેલાથી લઈને સીઆર પાટીલ સહિત તમામનો નામોલ્લેખ કરીને વંદન કર્યા હતા. નવનિયુકત અધ્યક્ષને અભિનંદન આપતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ટેકનોલોજી પરના ભારને યાદ કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે ટેકનોલોજીના ઉપયોગ દ્વારા જે વિશ્વના દેશો સાથે કદમ થી કદમ મીલાવી શકાય છે. મુખ્યમંત્રીએ સીઆર પાટીલના ટેકનોલોજીના સફળ ઉપયોગની પ્રશંસા કરતા કહ્યુ હતુ કે આપણા નવા અધ્યક્ષ પણ ટેકનોસેવી છે. તેનો વધુ સારી રીતે ઉપયોગ કરી સારા પરીણામ મેળવી શકીશુ, આ સાથે જ તેમણે જગદીશ વિશ્વકર્માએ સાકર-નારીયેરનો પડો આપીને નવી જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પદગ્રહણ સમારોહ ગુજરાત ભાજપમાં સંગઠનાત્મક જોશ અને નમ્રતાપુર્ણ નેતૃત્વના આદર્શ સાથે આગળ વધવાનો સંકેત આપે છે.

ભરતસિંહ સોલંકીએ પણ બંધ બારણે કોળી સમાજના આગેવાનો સાથે બેઠક કર્યા બાદ સમીકરણો બદલાયા

પ્રદેશ પ્રમુખની નિમણુંક બાદ રાજકોટનો ચુવાળીયા કોળી સમાજની બેઠક યોજાઈ : ભાજપ છોડી હવે અન્ય પક્ષમાં જોડાવવાની આપી ચીમકી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હાલમાં જ નવા ભાજપ પ્રદેશ પ્રમુખની નિમણુંક કરવામાં આવી છે, નવા ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ ઓબીસીમાંથી આવે છે આ વખતે ઘણા સમયથી ઓબીસી નેતાઓને આગેવાન બનાવવાની માંગ વધી હતી. જેના કારણે પણ આ નિર્ણય લેવામાં આવ્યો છે. પણ હવે આ બધાની વચ્ચે રાજકોટમાંથી ચુવાળીયા કોળી સમાજ મેદાને આવ્યો છે અને હવે જયારે આગામી સમયમાં મંત્રી મંડળનુ વિસ્તરણ થવાનુ છે ત્યારે કોળી સમાજના નેતાઓનો સમાવેશ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. આજે

રવિવારે રાજકોટમાં ચુવાળીયા કોળી સમાજની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક ચુવાળીયા કોળી સમાજના આગેવાન રણછોડભાઈ ઉધરેજા ના નિવાસસ્થાને યોજાઈ હતી અને આ બેઠકમાં સમાજની આગળની રણનીતી નકકી કરવામાં આવી હતી. આ બેઠકમાં સ્થાનિક આગેવાનો દ્વારા સૌ પ્રથમ સૌરાષ્ટ્ર લેવલે ચિંતન બેઠકો યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તેમ છતાં પણ કોઈ નિર્ણય લેવાશે નહી તો દોઢ લાખ લોકોનુ મહાસંમેલન યોજવામાં આવશે. જેમાં નિર્ણય લીધા બાદ વરસોથી ભાજપ સાથે જોડાયેલો ચુવાળીયા કોળી સમાજ કોંગ્રેસ સાથે હાથ મીલાવે તેવી શકયતા છે. આગેવાન રણછોડભાઈ ઉધરેજાએ જણાવ્યુ હતુ કે આજે રાજકોટ, મોરબી તેમજ વાંકાનેર સહિત ૬ વિધાનસભા બેઠકના આગેવાનો વચ્ચે એક ચિંતન બેઠક યોજાઈ હતી. જેમાં સમાજનુ પ્રભુત્વ સરકારમાં વધે તે માટે જરૂરી પગલા લેવાની ચર્ચા કરવામાં આવી હતી. હાલ ૪૦ વરસથી ભાજપમાં હોવા છતાં અમારા સમાજને અન્યાય થઈ રહ્યો છે. જેને લઈને આગામી સમયમાં આગેવાનો આખા સૌરાષ્ટ્રમાં પ્રવાસ કરીને અન્ય આગેવાનોનો મત જાણશે.

ત્યારબાદ અંદાજે દોઢ લાખ લોકોનુ એક મહાસંમેલન યોજી અમારા સમાજને વધુ પ્રભુત્વ આપે તેવા પક્ષમાં બધા એક સાથે જોડાશે. બે દિવસ અગાઉ કોંગ્રેસ નેતા ભરતસિંહ સોલંકીએ પણ ચુવાળીયા કોળી સમાજ સાથે એક બેઠક યોજી હતી. બેઠક યોજયા બાદ સમીકરણો બદલાયા હતા. કોળી સમાજના આગેવાનો સાથે બેઠક કરી હતી. ત્યારબાદ ભરતસિંહ સોલંકીની બેઠકનો વિડીયો પણ વાયરલ થયો હતો. જેમાં ભરતસિંહ સોલંકીએ દલીતો, આદિવાસીઓ અને અન્ય સમાજોને મળતા અધિકારો અંગે ટીપ્પણી કરતા કહ્યુ હતુ કે દલીત, આદિવાસી સહિતના સમાજને માંગ્યા વિના મળે છે. કેમ કે ડો.બાબા આંબેડકરે બંધારણમાં જોગવાઈ કરેલી છે, ભરતસિંહ સોલંકીએ આ સમયે કરેલ સંબોધનમાં સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે આપણો ભુવો હશે તો જ આપણા ડાકલા વાગશે. જે સમાજનુ નેતૃત્વ સમાજના હાથમાં હોવુ જોઈએ તેવો સંકેત આપે છે.

બનાસકાંઠા જિલ્લાના થરામાં જગદીશ ઠાકોરનો હુંકાર :પોલીસના દંડા ખાવા તૈયાર રહેજો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના ઓગડ તાલુકાના થરા ખાતે કોંગ્રેસ દ્વારા જન આક્રોશ સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ સભામાં કોંગ્રેસના નેતાઓ જગદીશ ઠાકોર અને ગેનીબેન ઠાકોરે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને સ્થાનિક મુદ્દાઓ તેમજ ભ્રષ્ટાચારને લઈને સરકારને ઘેરી હતી.

કોંગ્રેસના નેતા જગદીશ ઠાકોરે પોતાના સંબોધનમાં આક્રમણ વલણ સાથે બનાસકાંઠાના ધારાસભ્યને જણાવ્યુ હતુ કે હું અહીંથી ધારાસભ્યોને કહુ છું કે પોલીસના દંડા ખાવા તૈયાર રહેજો, તેમણે જિલ્લામાં વારંવાર થયેલા વરસાદ અને તેનાથી થયેલા નુકશાન અંગે સરકારની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે બનાસકાંઠામાં ચોથી વખત વરસાદે રહાતાળ વાળ્યુ છે અને દરેક વખતે મોટુ નુકશાન થયુ છે. વળતરના મુદ્દે તેમણે સરકાર પર આકોશ વ્યકત કરતા કહ્યુ હતુ કે ભાજપ કહે છે કે સરકારે બહુ આપ્યુ છે, શું તમને વળતર મળ્યુ છે ખરૂ ? તેમણે લોકોને આહવાન કર્યુ કે જે ગામમાં નુકશાનનુ પુરૂ વળતર ન મળ્યુ હોય ત્યાં ભાજપનો પ્રવેશ બંધ કરી દો, ઘુસવા ન દો તેમને, ચુંટણીલક્ષી નિવેદનમાં તેમણે કહ્યુ કે નહી તો ચુંટણી આવવા દો, અહીં રાજસ્થાન નજીક છે. તેઓ કન્ટેનર ભરીને અહીં લાલ લીલુ પાણી વેચશે, પણ બહેનો તમે ધોકા તૈયાર રાખજો. આ સાથે જ તેમણે ભાજપ પર વોટ ચોરીના કારણે જીત મેળવવાનો પણ આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે તમારા ભાગની નોકરીઓ અને પૈસો ભાજપ લઈ જાય છે. એટલે હવે ચુંટણી આવે એટલે એને જાકારો આપવાની તમારી જવાબદારી છે.

ઓગડ તાલુકાના થરામાં યોજાયેલી આ સભામાં સંસદસભ્ય ગેનીબેન ઠાકોરે પણ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જમીન માપણીના મુદ્દે સરકારને આડે હાથ લીધી હતી. તેમણે કહ્યુ હતુ કે અંગ્રેજોએ પણ જમીનની માપણી કરી હતી. તો પણ એક ઈંચ આઘાપાછી થઈ ન હતી. પણ ભાજપની સરકારમાં એમના અધિકારીઓ એ કરેલી જમીન માંપણીમાં તમામ જમીનો આઘા પાછી કરી નાખી, તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે ભાઈઓએ પોતાની જમીન પાછી લેવી હોય તો પણ અધિકારીઓને પૈસા આપવા મજબુર બનવુ પડી રહ્યુ છે. અતિવૃષ્ટીના વળતર અંગે તેમણે જણાવ્યુ હતુ કે આ વિસ્તારમાં અતિવૃષ્ટી થઈ, ખેડુતોને મોટુ નુકશાન થયુ છતાં પણ હજુ વળતર નથી આપ્યુ, જો સરકાર વળતર નહી આપે તો અમે ખેડુતો સાથે હાઈકોર્ટમાં જઈશુ. અંતમાં તેમણે ભાજપને ભ્રષ્ટાચારની પાર્ટી ગણાવતા કહ્યુ હતુ કે રાજયમાં ભ્રષ્ટાચાર સિવાય કસુ જ નથી. લોકો પીસાઈ રહ્યા છે. ત્યારે જનઆક્રોશ સભા કોંગ્રેસને કરવી પડે છે. કોંગ્રેસની આ જનઆક્રોશ સભા દ્વારા બનાસકાંઠા જિલ્લાના સ્થાનિક પ્રશ્નો , ખાસ કરીને ખેડુતોના વળતર અને ભ્રષ્ટાચારના મુદ્દે ભાજપ સરકારને ઘેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ગુજરાત જોડો સદસ્યતા અભિયાન અંતર્ગત ગોપાલ ઈટાલીયા ૮ ઓકટો.એ પંચમહાલ જિલ્લામાં સભા ગજવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત આમ આદમી પાર્ટીના નેતા દિનેશ બારીયાએ માહિતી આપતા જણાવ્યુ છે કે પંચમહાલ જિલ્લામાં વાઘજીપુર ગામે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા જાહેરસભા સંબોધવાના છે અને આ સંદર્ભે તેઓએ પોતાની પ્રતિકિયા આપતા કહ્યુ હતુ કે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ગુજરાતમાં આમ આદમી પાર્ટી ખુબ જ તાકાત અને આયોજનપૂર્વક આગળ વધી રહી છે,

ગુજરાતમાં વિસાવદરની બેઠક પર મળેલી જીત બાદ પાર્ટીએ સદસ્યતા જોડો અભિયાનની શરૂઆત કરી છે જેમાં ગુજરાતની પ્રજાનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ગુજરાતની તમામ નગરપાલિકાની બેઠકો તથા જિલ્લા પંચાયત બેઠકો પર પાર્ટી દ્વારા જનસભાઓ કરવામાં આવી રહી છે અને તમામ બેઠકો પર ઈન્ચાર્જ અને સહઈન્ચાર્જ ની નિયુકિત કરવામાં આવી રહી છે, આમ સ્થાનિક પંચાયતોની ચુંટણીમાં તમામ બેઠકો પર આમ આદમી પાર્ટી પોતાના ઉમેદવારો ઉભા રાખી મજબુતાઈથી ચુંટણી લડવા જઈ રહી છે. જેના માટે પ્રદેશના નેતાઓ વિવિધ જિલ્લાઓમાં જઈને જનસભાઓ યોજી રહ્યા છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં આગામી ૮ ઓકટોબર ના રોજ શહેરા વિધાનસભા મતવિસ્તારના વાઘજીપુર ખાતે વિસાવદરના ધારાસભ્ય અને આમ આદમી પાર્ટીના મજબુત નેતા ગોપાલ ઈટાલીયા સભા ગજવવાના છે. ત્યારે પંચમહાલ, મહિસાગર તેમજ દાહોદ જિલ્લાના કાર્યકરોમાં ખુશી અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. કારણ કે ગોપાલ ઈટાલીયાની જીત બાદ આજે ગુજરાતના રાજકારણમાં ખુબ જ બદલાવ આવી ગયો છે અનેક સમીકરણો બદલાયા છે, એક સમયે એવુ કહેવાતુ હતુ કે આમ આદમી પાર્ટીમાં કોઈ નેતા નથી. આજે એ જ લોકો આમ આદમી પાર્ટીના નેતાઓથી ગભરાયા છે,

ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલીયા, ચૈતર વસાવા, મનોજ સોરઠીયા, રાજુ કરપડા, પ્રવિણ રામ, રેશ્મા પટેલ, બ્રીજરાજ સોલંકી, જેવા નેતાઓએ આજે ગુજરાતને ગજવી અને ઘેરી મુકયુ છે. ગુજરાતની જનતા પણ તેમના વિચારો તથા કામગીરી કરવાની પધ્ધતિથી પ્રભાવિત છે.

સરકાર સામે મજબુતાઈ થી લોકોના પ્રશ્નો અને સમસ્યાઓના મુદ્દા પર લડત આપે છે. જેથી લોકોને આ નેતાઓ પ્રત્યે આકર્ષણ ઉભુ થયુ છે અને લોકો આવકાર અને સ્વીકાર કરે છે, આથી વાઘજીપુર ગામે ગોપાલ ઈટાલીયાની જાહેર સભા રાખવામાં આવી છે, જેમાં જંગી મેદની ભેગી કરવા માટે કાર્યકરો અત્યાર થી જ કામે લાગી ગયા છે.

ઘરવખરી બળીને ખાખઃ ફાયરના જવાનોએ ૧૦ જેટલા રહેશોનું રેસ્ક્યુ કર્યું હતું

ઝુંડાલમાં આવેલી બિલ્ડીંગના ફ્લેટના ૮ માળે લાગી આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં અવારનવાર આગ લાગવાની ઘટના બનતી હોય છે. ત્યારે ગાંધીનગરના ઝુંડાલમાં આવેલા ફ્લેટમાં ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. મળતી માહિતી અનુસાર મોડી રાતે ઝુંડાલમાં આવેલી એક બિલ્ડીંગના ફ્લેટના ૮માં માળે આગ ભભૂકી હતી. આગમાં સમગ્ર મકાનની ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. ફાયરના જવાનોએ ૧૦ જેટલા રહેશોનું રેસ્ક્યુ કર્યું હતું. પ્રાપ્તથતી વિગત અનુસાર શોર્ટ સર્કિટ પછી આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. ઘટનાની જાણ થતા અમદાવાદ અને ગાંધીનગરના ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી આગને કાબુ લીધી હતી. જો કે સદનસીબે આગમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી. મકાનમાં આગ લાગતા જ આસપાસના વિસ્તારોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. તેમજ દૂર સુધી ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા. આગ લાગવાની જાણ ફાયર વિભાગને થતા તાત્કાલિક ધોરણે અમદાવાદ અને ગાંધીનગરની ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.